**આજનો સુવિચાર**

સેવા માટે પરસેવો પાડવો તે પણ એક ઉત્તમ પ્રકારનું દાન જ છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૭૬ જૂનાગઢ તા.૦૭-૧૧-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 276, Junagadh : Date : 07 November, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


### દિલ્હી - NCR માં પ્રદૂષણ મામલે સુપ્રિમ કોર્ટની ગંભીર ટીપ્પણી : દિલ્હીમાં પ્રદુષણનું પ્રમાણ ૧૬ ગણું વધારે

# કોઈપણ સંજોગોમાં પરાળી બાળવાનું બંધ કરાવો : નહી તો અમે કાયદાનું બુલડોઝર ચલાવીશું : સુપ્રિમ કોર્ટ



નવી દિલ્હી તા. ૭

પ્રદૂષણ મામલે થઈ રહેલી સુનાવણછ દરમ્યાન સુપ્રિમ કોર્ટે અત્યંત આકરૂ વલણ અપનાવતા એવું જણાવ્યું કે, હજુ પણ પરાળી બાળવાનું કામ ચાલી રહયું છે તેને તાત્કાલીક અને આજે જ બંધ કરાવો જો તમે તેમ નહી કરી શકો તો અમે (કાયદાનું) બુલડોઝર ચલાવીશું એટલે કે સખ્ત આદેશ આપીશું. સુપ્રિમ કોર્ટે વધુમાં કહયું કે, પ્રદુષણ મુદે હરકોઈ એકબીજાને ખો આપી રહયું છે પરંતુ તે ચલાવી લેવામાં આવશે નહી. દરમ્યાનમાં પાટનગર દિલ્હીમાં પ્રદુષણ કાબુમાં આવવાના બદલે સતત વધી રહ્યું છે. લોકો ઝેરી હવામા શ્વાસ લઈ રહ્યા છે. એક જ દિવસમાં ઝેરી વાયુમાં ત્રણ ગણો વધારો થયો હોય તેમ દિલ્હીવાસીઓને નોર્મલ કરતા ૧૬ ગણી ઝેરી હવા શ્વાસ લેવાનો વખત આવ્યો હતો. ગઈકાલે આ પ્રમાણે નોર્મલ કરતા પાંચ ગણુ વધારે હતું. દિલ્હીમાં હવામાં પ્રદુષણ કણ પીએમ ૨.૫૦ નું સ્તર ૨૪૩ માઈક્રોગ્રામ હતું. વિશ્વ આરોગ્ય સંગઠનોની મર્યાદા કરતા ૧૬ ગણુ વધારે હતું. હવામાં આટલી માત્રામાં પ્રદુષણથી આંખમાં બળતરા, શ્વાસ લેવામાં તકલીફ, નાક-ગળામાં ખારાસ જેવી સમસ્યા થતી હોય છે.

વિશ્વ આરોગ્ય સંગઠનના માપદંડ પ્રમાણે પીએમ ૨.૫ નું સ્તર ૧૫ માઈક્રોગ્રામથી વધુ ન હોવુ જોઈએ. પ્રમાણ વધી જવાનો અર્થ હવા પ્રદુષિત હોવાનો થાય છે. આ માપદંડના ધોરણે દિલ્હીની હવા ચકાસવામાં આવે તો ૧૬ ગણી વધુ પ્રદુષીત છે.

## છત્તિસગઢની ૨૦ અને મિઝોરમની તમામ ૪૦ બેઠક ઉપર યોજાઈ રહેલું મતદાન



નવી દિલ્હી તા.૭

દેશમાં ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પુર્વેની સેમીફાઈનલ જેવા જંગમાં આજે નકસલ પ્રભાવિત છતીસગઢથી ૨૦ વિધાનીસભા બેઠક તથા મીઝોરામની તમામ ૪૦ વિધાનસભા બેઠક પર મતદાન શરૂ થતા જ એક તરફ જબરી ઉતેજના અને બીજી તરફ હિંસા પણ શરૂ થઈ છે.

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા કોંગ્રેસના મહામંત્રી પ્રિયંકા ગાંધી જે મતક્ષેત્રમાં આજે મતદાન નથી તેના ચુંટણી પ્રવાસે છે. તે સમયે છતીસગઢના નકસલ પ્રભાવિત સુકમામાં બોમ્બ બ્લાસ્ટ થતા કોબ્રા બટાલીયનના એક જવાનને ગંભીર ઈજા થઈ હતી. છતીસગઢના આ ક્ષેત્ર ચુંટણી સહિતની હિંસા માટે જાણીતા છે તે આજે સવારે મતદાન પુર્વે જ જબરી સુરક્ષા વ્યવસ્થા લાદી દેવાઈ હતી પણ આ ભુગર્ભ સુરંગ ફાટતા નજીક ડયુટી પર રહેલા જવાનને ઈજા થઈ હતી.

અન્યત્ર હજુ સુધી મતદાનમાં કોઈ હિંસાના ખબર નથી તો રાજયમાં પુર્વ મુખ્યમંત્રી રમણસિંઘ સહિતના દિગ્ગજ નેતાઓનું ભાવિ દાવ પર છે. આજે નકસલ ક્ષેત્રમાં ૧૫૬ કેન્દ્ર પર ચુંટણી સ્ટાફને તૈનાત કરવા હેલીકોપ્ટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. બાકીના કેન્દ્ર પર ભારે સુરક્ષા વચ્ચે ચુંટણી સ્ટાફને રવાના કરાયા હતા.આજના મતદાન ભાજપ પર મહત્વનું છે અને અહી ૨૦ માંથી ૧૮ બેઠકો ભાજપે ગુમાવી હતી






## હવે મેડીકલેઈમ ઈન્સ્યોરન્સ માટે હોસ્પીટલમાં ૨૪ કલાક દાખલ રહેવું જરૂરી નહી

નવી દિલ્હી,તા.૭ :

સ્વાસ્થ્ય વીમો હવે દરેક વ્યકતિ માટે જરૂરી બની ગયો છે. કોરોના મહામારી બાદ તેના યુઝર્સની સંખ્યામાં પણ ઝડપથી વધારો થયો છે. પરંતુ, જયારે કંપનીઓ નિયમોને ટાંકીને દાવો નકારે છે ત્યારે વીમાધારકને સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આવો જ એક નિયમ ૨૪-કલાક હોસપિટલમાં દાખલ છે, જેના વિના તમે કોઈપણ તબીબી દાવો લઈ શકતા નથી. વીમા નિયમનકારે આ દિશામાં મોટો ફેરફાર કરીને ગ્રાહકોને ભેટ આપી છે.

ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીએ કહ્યું છે કે હવે મેડિકલ ઈન્સ્યોરન્સમાં કલેમ મેળવવા માટે ૨૪ કલાક હોસ્પીટલમાં દાખલ રહેવું જરૂરી નથી. વીમા કંપનીઓએ આ માટે અલગથી જોગવાઈ કરવી પડશે. આ કલેમ ડે-કેર ટ્રીટમેન્ટ હેઠળ લઈ શકાય છે અને ૨૪ કલાક સુધી એડમિટ થયા વગર પણ તમે તમારી વીમા કંપની પાસેથી કલેમ મેળવી શકો છો. આ નિયમ વીમાધારકને ઘણી સુવિધા આપશે.

## ગુજરાતમાં દર ૮ કલાકે હીટ એન્ડ રનની ઘટનામાં એક વ્યકિતનો ભોગ લેવાય છે

ગાંધીનગર,તા.૭

ગુજરાતમાં વધતી વાહન સંખ્યાથી વકરતી ટ્રાફીક સમસ્યા વચ્ચે દર આઠ કલાકે એક વ્યકિત 'હીટ એન્ડ રન'માં શિકાર બને છે. એપ્રિલ ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૩ દરમ્યાન દરરોજ ત્રણ લોકો માર્ગ દુર્ઘટનાનો શિકાર બન્યા હતા.

રાજયનાં ચાર મહાનગરો તથા ૩૩ જીલ્લાઓમાં હીટ એન્ડ રનમાં સૌથી વધુ ૯૪ મોત સાબરકાંઠા જીલ્લામાં નોંધાયા હતા. જયારે વસતીની ગણતરીનાં આધારે ચાર મહાનગરોમાં હીટ એન્ડ રનમાં સૌથી વધુ મોત રાજકોટમાં નોંધાયા છે.

રાજય સરકારનાં રીપોર્ટ પ્રમાણે એપ્રિલ ૨૦૨૦ થી માર્ચ ૨૦૨૩ દરમ્યાન રાજયમાં હીટ એન્ડ રનનાં ૪૮૬૦ બનાવો બન્યા હતા અને તેમાં ૩૪૪૯ લોકોના મોત થયા હતા અને ૨૭૨૦ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ૭૧ ટકા બનાવો જીવલેણ હતા. ૨૦૨૦-૨૦૨૧ નાં કોવીડ વર્ષમાં હીટ એન્ડ રનનાં ૧૪૯૯ બનાવો બન્યા હતા તેની સરખામણીએ ૨૦૨૨-૨૩ માં ૧૭૩૦ બનાવો બન્યા હતા.

## ગુરૂવારથી દિપોત્સવી પર્વની રોનક શરૂ થઈ જશે

મુંબઈ,તા. ૭ :દીપોત્સવી પર્વની રોનક શહેરના બજારમાં બરાબર દેખાઈ રહી છે. ત્યારે ગુરુવારથી દીપોત્સવી પર્વની રોનક શરૂ થઈ જશે. જોકે, પહેલા જ દિવસે રમા એકાદશી અને વાઘ બારસ એમ બન્ને મહત્વના પર્વો સાથે ઉજવાશે. દશમની વૃદ્ધિ તિથિને કારણે આ પ્રકારનો સંયોગ જોવા મળશે. ગુરુવારે રમા એકાદશી, વાઘ બારસ, શુક્રવારે ધન તેરસ, શનિવારે કાળી ચૌદશ, રવિવારે દિવાળી પર્વ ઊજવવામાં આવશે.

ચાલુ વર્ષે દિવાળી પર્વ વેળાએ ચિત્ર-વિચિત્ર સંયોગ જોવા મળી રહ્યો છે. ગત વર્ષની માફક જ ચાલુ વર્ષે પણ દિવાળી અને નૂતન વર્ષ વચ્ચે એક દિવસનો બ્રેક એટલે કે ધોકાનો દિવસ આવશે. જેમાં હવે રમા એકાદશી અને વાઘ બારસની સંયુક્ત ઉજવણી સાથે જ દિવાળી પર્વના શુભ દિવસોની વણઝાર શરૂ થશે.

## દિપોત્સવી મનાવવા અયોધ્યા સોળ શણગાર સર્જશે

અયોધ્યા તા. ૭

દીપોત્સવી પર્વમાં ભગવાન શ્રીરામના આગમન પર અયોધ્યાનગરીમાં તેમના સ્વાગતની તૈયારી થઈ રહી છે.

લેસર શોથી રામ કી પૈડી ઝગમગી ઉઠી છે. દીપોત્સવને ભવ્ય રૂપ આપવા માટે પ્રશાસન અને દીપોત્સવ સાથે જોડાયેલા પર્યટન વિભાગ, માહિતી વિભાગ, સંસ્કૃતિ વિભાગ અને અવધ યુનિ. પોત પોતાના કામોને અંતિમ રૂપ આપવા લાગ્યા છે.

માહિતી વિભાગ રામકથા આધારિત ઝાંખીઓનો રથ તૈયાર કરી રહ્યા છે. જેમાં રામકથાના બધા પ્રસંગોને જોડવામાં આવ્યા છે. જેને તૈયાર કરવામાં લગભગ એક ડઝન મુસ્લિમ કારીગર પણ કામે લાગ્યા છે. આ કારીગરો ૨૬ જાન્યુઆરીએ પરેડમાં રથો પર ઝાંખી તૈયાર કરવાનો અનુભવ ધરાવે છે.

આ સિવાય પર્યટન વિભાગે રામકથા આધારિત ૭ ઝાંખીઓ તૈયાર કરી રહ્યા છે. આ રીતે કુલ ૧૮ ઝાંખીઓની શોભાયાત્રા નીકળશે.


સૌરાષ્ટ્રનો નં.૧ સીલીન્ડર રી-ટેસ્ટીંગ પ્લાન્ટ

CNG - LPG
રી-ટેસ્ટીંગ

CNG ફીટીંગ સેન્ટર

**યશ ઓટો ગેસ**

મો. ૯૮૯૮૪ ૪૮૬૪૪

ઝાંઝરડા બાયપાસ ચોકડી,
LPG પંપની પાછળ, જૂનાગઢ



**મહાયોગી વિરેચન ચૂર્ણ**

દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો,
પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર,
હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે

માર્કેટેડ બાય : **સાગર માર્કેટીંગ**
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર,
ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ

ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય

મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦
૯૪૨૯૭ ૭૫૦૭૫



**ખોડલધામ ટુર**

તા. ૧૫-૦૩-૨૦૨૪ થી ટુર ઉપડશે
સ્લીપર બસ દ્વારા
દિવસ-૪૦

જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રાધામ
રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર,
તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે
એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે - એક વખત ચારધામની યાત્રા કરી જીવન સાર્થક બનાવો
વહેલા તે પહેલાનાં ધોરણે

: બુકીંગ સંપર્ક :
મથુરભાઈ વાગડીયા
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની
આર્યુવેદીક પધ્ધતિથી
સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો..
સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ,
૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

**દિપાવલીની હાર્દિક શુભેચ્છા...**

**Magnet**

Shop No.1, Opp. Abhisek Complex,
Nr. Pipaliyano Delo, M.G. Road, Junagadh

**Mayur**
Kid's & Family Wear



Exclusive Familywear Show Room
10 -11 & 19-20, Jenili Shopping Centre,
M.G. Road, Junagadh

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...



જૂનાગઢમાં અત્યાધુનિક સુવિધાઓ સાથેની પ્રસુતિ,
સ્ત્રી રોગ તથા વંધ્યત્વ નિવારણ માટેની હોસ્પીટલ

**કલરવ હોસ્પિટલ**
ફોર વુમન્સ હેલ્થ એન્ડ વેલબીઈંગ



ડો. કિશન પરસાણીયા
M.B.B.S., D.G.O
ડો. રીતુ પરસાણીયા
M.B.B.S., P.G.D.C.H

● નોર્મલ, સીઝેરિયન તથા હાઈ રિસ્ક ડિલવરી (આઈસીયુ સાથે)
● વંધ્યત્વની સારવાર
● લેપ્રોસ્કોપી (દૂરબીન/લેસર)થી ઓપરેશન
● કોથળીનાં ઓપરેશન
● અત્યાધુનિક મશીન દ્વારા સોનોગ્રાફી
● તમામ સ્ત્રી રોગોની સારવાર ● રસીકરણ

ચોથો માળ, ગોલ્ડન ટ્રેડ સેન્ટર, મહાપૂજા ઓફીસ સામે, ઝાંઝરડા ચોકડી પાસે, બાયપાસ રોડ, જૂનાગઢ

મો. ૭૨૦૩૦ ૯૯૦૦૧ / ૮૧૬૦૫ ૯૯૦૦૧

# ગરવા ગિરનાર ખાતે યોજાનારી લીલી પરિક્રમામાં આ વર્ષે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડશે



## ભાવિકોની સુખસુવિધા માટે વહિવટી તંત્ર દ્વારા બેઠકનો દોર : તૈયારીને અપાઈ રહેલો ઓપ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનાર ક્ષેત્રમાં દેવ દિવાળીના દિવસોથી લીલી પરિક્રમા શરૂ થનાર છે. ગિરનાર ફરતે ૩૬ કિલોમીટરના રૂટ ઉપર દર વર્ષે આ પરિક્રમા યોજાઈ છે અને ૧૦ લાખ જેવી સંખ્યા ભાવિકોની થાય છે ત્યારે આ વર્ષે વર્ષ સારૂ થતા ભાવિકોની સંખ્યા ૧૫ લાખ સુધી પહોંચે તેવી શકયતાઓ છે અને જેને લઈને તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જૂનાગઢ નજીક આવેલા ભવનાથ તીર્થ ક્ષેત્રમાં શિવરાત્રીનો મેળો, પરિક્રમાનો મેળો અને પૂજય દાતારબાપુના ઉર્ષ મેળામાં હજારો ભાવિકો દર વર્ષે ઉમટી પડે છે અને સેવાનું પુનિત ભાથુ બાંધે છે. ત્યારે આ વર્ષે દેવ દિવાળીના દિવસથી શરૂ થતા પરિક્રમાના મેળામાં પણ મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડશે. ભોજન, ભજન અને ભકિતના ત્રિવેણી સંગમ સમા પરિક્રમાના આ મેળા અંગે અત્યારથી જ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. અહી આવનારા લાખો ભાવિકોને પ્રસાદ-ભોજન માટેની પણ સેવાકીય મંડળો, ધાર્મિક સંસ્થાઓ, ઉતારા મંડળ દ્વારા આયોજન કરવામાં આવતું હોય છે અને ઠેરઠેર અન્નક્ષેત્રો શરૂ કરવામાં આવતા હોય છે. લાખોની સંખ્યામાં જયારે ભાવિકો ગિરનાર ક્ષેત્રમાં આવતા હોય જેને લઈને રોજગારીની પણ ઉત્તમ તક મળે છે. અહીં પરિક્રમાના મેળાને ધ્યાને લઈ નાના ધંધાર્થીઓથી લઈ લોકો રોજગારી માટે આવતા હોય છે અને દરેકને રોજગારીનું ક્ષેત્ર લાભદાયી સાબિત થાય છે.

સંતોના દર્શનનો પણ આ મેળામાં લાભ મળે છે. દુર દુરથી યાત્રાળુ સંઘ પરિક્રમાના મેળામાં સહભાગી બને છે અને રાત્રીના વખતે પડાવ નાખી અને જંગલમાં મંગલ જેવું વાતાવરણ સર્જાય છે. આગામી લીલી પરિક્રમાને લઈને ભાવિકોમાં પણ ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે.

# સિનીયર સીટીજનોના દુબઈ ટૂરમાં ફસાયેલ નાણાંના ચેક રિટર્ન કેસમાં સમાધાન : ચિફ જયુ. મેજીસ્ટ્રેટ એસ. એ. પઠાણની સરાહનીય કામગીરી

(પ્રતિનિધી દ્વારા)

જૂનાગઢ તા.૭

સિનીયર સીટીજન મંડળ-જુનાગઢ દ્વારા દુબઈ ટુરના પ્રવાસનુ આયોજન ૨૦૧૯ મા થયેલ હતુ. ''ટ્રાવેલ ટાઈમ'' નામની ઓફીસ ચલાવતા સુનીલભાઈ તન્ના સાથે આ પ્રવાસ ગોઠવવામા આવેલ હતો. પ્રવાસ – ૮ દિવસ બાકી હોવા છતા દુબઈની ટીકીટ લોકોને મળેલ ન હતી. દિરહામ ખરીદવા ટીકીટ રજુ કરવી પડે. પરંતુ મજકુરે ટીકીટ જ દુબઈ જવાની લીધી ન હતી. જેથી આ પ્રવાસ કેન્સલ થયેલ હતો. જેથી ટ્રાવેલ ટાઈમ સંચાલકે સિનીયર સીટીજનો પાસેથી લીધેલ નાણાં રૂા. ૧૯,૫૦,૦૦૦ પાછા આપવા માટે પોતે ચક દરેકના આપ્યા હતા. પરંતુ ચેક દરેક પોત પોતાના ખાતામા નાખતા મજકુર ''ટ્રાવેલ ટાઈમ'' ના ખાતામાં નાણા જ ન હતા. જેથી તમામ ૩૯ સભ્યોએ પ્રથમ જુનાગઢ બી. ડીવીઝન પોલીસ સ્ટેશનમા ફોજદારી ફરીયાદ ૪૦૬, ૪૨૦ મુજબ દાખલ કરેલ હતી. અને ત્યારબાદ નામદાર એડી. ચિફ જયુડી. મેજી. સાહેબની કોર્ટમા નેગોશીએબલ એકટની ફરીયાદ પણ દાખલ કરેલ હતી. સિનીયર સીટીજનો પોતાને ન્યાય મળે તે માટે વારવાર પોલીસ સ્ટેશન અને એસ. પી. કચેરી, ડી.આઈજી. કચેરીએ રજુઆત કરી હતી. બે- એસ. પી. ને અને બે– ડી.આઈ.જી.ની બદલી થઈ ગયેલ. ત્યારબાદ રૂબરૂ રજુઆત કરવાડી.આઈ.જી.પવાર પાસે ગયેલ હતા. સમગ્ર હકીકત જાણીને તાત્કાલીક પોતાની આઈ.જી. સ્કોડને સુચના આપેલ અને આ આરોપી ત્રણ દિવસમા મુંબઈથી પકડાઈ ગયેલ હતા. ત્યારબાદ આરોપીએ હાઈકોર્ટમાંથી જામીન મળવેલ અને છુટી ગયેલ હતો. અને આ કેસ-૪ વર્ષથી ચાલતો હતો.

પરંતુ ચીફ જયુ. મેજી. એસ. એ. પઠાણની કોર્ટમા કેસ ચાલતા તેમણે આ સિનીયર સીટીજનો ની મુશકેલી અને વ્યથા જોઈને આરોપી અને ફરીયાદી બન્નેના વકીલોને કહ્યુ કે, આ કેસમા સમાધાન કરી શકાય. તમામને રૂબરૂ બોલાવો. તમામ સિનીયર સીટીજન ભાઈઓ તથા બહેનોને કોર્ટમા હાજર રહેલ અને આરોપી સુનિલ તન્ના પણ હાજર હતો. ચીફ જયુ.મેજીસ્ટ્રેટ એસ.એ.પઠાણે કહ્યુ કે, બન્ને પક્ષકારો બાધછોડ કરો અને કચેરી બહાર જઈને ચર્ચા કરીને મારી પાસે આવો. ચીફ જયુ.મેજીસ્ટ્રેટની મધ્યસ્થીને કારણે બન્ને પક્ષકારોએ સમાધાનની ફોર્મ્યુલા નકકી કરી બે મહીનામા તમામને નાણા ચુકવી આપવાની આરોપીએ મુદત લીધી હતી. અને જે મુદત પુરી થતા આરોપીએ કોર્ટમા પૈસા જમા કરાવેલ હતા. અને તા. ૪-૧૧-૨૦૨૩ ના રોજ તમામ સીનીયર સીટીજનોને પોતાના રોકાયેલ નાણાનો ચેક પરત આપવા કોર્ટે બોલાવેલ હતા. આ રીતે તમામ સીનીયર સીટીજનોને પોતાના નાણા પાછા મળી ગયેલ હતા. તમામ સીનીયર સીટીજનોએ ચીફ જયુ.મેજીસ્ટ્રેટ એસ.એ.પઠાણનો આભાર વ્યકત કરેલ હતો.

આ કેસમા ફરીયાદી ગોવિદભાઈ મોવલીયા હતા, અને સીનીયર સીટીજનોના આગેવાન તરીકે જેન્તીભાઈ શીલુ અને સીનીયર સીટીજનો હતા. આ કેસમાં વકીલ તરીકે કે. બી. સંઘવી રોકાયેલ હતા.

# ગિરનારની લીલી પરિક્રમાને લઈને વન વિભાગ દ્વારા તડામાર તૈયારીઓ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

આ વર્ષે ગિરિવર ગિરનારની લીલી પરિક્રમા કારતક સુદ અગિયારસને ગુરૂવાર તા.૨૩ નવેમ્બરથી કારતક સુદ પૂનમને સોમવાર તા.૨૭ નવેમ્બર સુધી યોજાનાર છે. ત્યારે આ પરિક્રમાને લઈને ભવનાથ જ્ઞાતિ સમાજો-ઉતારા મંડળની બેઠક મળી હતી. જેમાં આ વર્ષે ૧૫ લાખથી વધુ ભાવિકો ઉમટી પડે તેવો અંદાજ લગાવવામાં આવ્યો છે. ત્યારે જેને લઈને વન વિભાગ દ્વારા રોડ-રસ્તાના કામો, ઝાડી-ઝાખરા દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ૩૬ કિલોમીટરના રૂટ ઉપર લાખો પરિક્રમાર્થીઓ ઉમટી પડે છે ત્યારે તેમને ચાલવા માટે રૂટના રસ્તાનું રિપેરીંગ માટે વન વિભાગ દ્વારા જેસીબીની મદદથી કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત રૂટ ઉપર અલગ-અલગ સુત્રો વન્યપ્રાણીઓને ખલેલ ન પહોંચાડવું, કોઈ ખાદ્ય ચીજવસ્તુ ન આપવી, સ્વચ્છતા જાળવવી, ગંદકી ના કરવી, કચરો જયાંત્યાં ના ફેંકવો વિગેરે દ્વારા ગિરનાર ક્ષેત્ર અને જંગલ વિસ્તારમાં સ્વચ્છતા જળવાય તે માટે વન વિભાગ દ્વારા તૈયારી કરવામાં આવી છે.

# જૂનાગઢમાં મનદુ:ખનો ખાર રાખી હુમલો રૂા.૪૦૦ની લુંટ અંગે ત્રણ સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢમાં મનદુ:ખનો ખાર રાખી અને હુમલાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. જુની સિવીલ હોસ્પિટલના ગેઈટની સામે માહિ દુધની દુકાનની પાસે બનેલા બનાવ અંગે એ ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર આ કામના ફરિયાદી સાહિલભાઈ આમદભાઈ દલ(ઉ.વ.૨૪, રહે.અજંટા ટોકીઝ, ફિલ્ટર પ્લાન્ટની બાજુમાં)એ ઈર્શાદ મેમણ, મુદશીર મેમણ, અબરાર શેખ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપી ઈર્શાદ મેમણ ફરિયાદીના ઘર પાસેથી ઘણીવાર નીકળતો ત્યારે ફરિયાદીને ગાળો કાઢતો જેથી ફરિયાદીએ તેને તે વખતે ના પાડતા તે વાતનું મનદુ:ખ રાખી ઈર્શાદ મેમણ તેના કાકાના દિકરા મુદશીર મેમણ તથા તેના મિત્ર અબરાર શેખ સાથે આવીને ઈર્શાદ મેમણ ફરિયાદીને જેમફાવે તેમ ગાળો આપી પોતાની પાસે રહેલ છરી ફરિયાદીને મારવા જતા ફરિયાદીએ વચ્ચે હાથ આડો રાખતા ફરિયાદી નીચે બેસી ગયેલ તે વખતે આરોપી નં-૨નાએ લોખંડના પાઈપથી કમરના ભાગે ઘા મારી ફ્રેકચર કરી ફરિયાદીના પેન્ટના ખીસ્સામાં રહેલ રૂા.૪૦૦ કાઢી લુંટ કરેલ તેમજ આરોપી નં-૩નાએ ડીસમીસ ફરિયાદી પાસે રાખી જાનથી મારી નાખવાની ધમકી આપી અને એકબીજાએ મદદગારી કરી જીલ્લા મેજી. જૂનાગઢના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ઈપીકો કલમ ૩૯૪, ૩૨૫, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૪૪, જીપી એકટ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ સંચાલિત

# શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન- વેરાવળ સોમનાથને સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ

## સોમનાથ આવતા ભાવિકો માટે પ્રથમ પસંદગી બન્યું શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન મુલાકાતીઓ શુદ્ધ અને સ્વાદિષ્ટ ભોજન અને રહેવાની અદ્યતન સુવિધાને વખાણી રહ્યા છે

(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ તા.૭



શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા ચેરમેન નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવનનું સોમનાથના વેરાવળ ખાતે નિર્માણ કરવામાં આવ્યું છે. ગત ઓક્ટોબર મહિનામાં શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન મુલાકાતીઓ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. ત્યારે ઓક્ટોબર-૨૦૨૩માં આ અતિથિ ભવનનું સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ થયું છે.સોમનાથ મહાદેવના દર્શનાર્થે આવતા ભાવિકોને રહેવા-જમવાની ઉત્તમ સુવિધા મળી રહે તે માટે સોમનાથ-જૂનાગઢ હાઈવે ઉપર નિર્માણ પામેલા શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવનમાં એક વર્ષમાં બહોળી સંખ્યામાં સર્વ સમાજના મુલાકાતીઓએ રહેવા-જમવાની ઉત્તમ સુવિધાનો લાભ લીધો છે. ખૂબ જ ટૂંકા ગાળામાં સોમનાથ આવતા દર્શનાર્થીઓ માટે રહેવા અને જમવા માટેનું પ્રથમ પસંદગીનું સ્થળ શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન બની ગયું છે. આ ભવનની સુવિધાનો લાભ અનેક સંતો-મહંતો અને રાજકીય-સામાજિક અગ્રણીઓએ પણ લીધો છે. આ ભવનમાં અત્યાધુનિક સુવિધા સભ ૬૪એસી રૂમ અને ડોરમેટરી છે. જયારે સવારે, બપોરે અને સાંજે શુદ્ધ અને સાત્વિક નાસ્તા અને ભોજનની પણ વ્યવસ્થા છે. શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવનમાં સર્વ સમાજના મુલાકાતીઓને રહેવા-જમવાની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. તો વધુ ને વધુ લોકો આ સુવિધાનો લાભ લે તેવી શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન- વેરાવળ સોમનાથ ટ્રસ્ટ સૌને અપીલ સહ આમંત્રણ પાઠવે છે. બુકિંગ માટે મો.નં. ૮૭૫૮૭ ૮૮૮૬૦/૬૧નંબર ઉપર સંપર્ક કરવો.

# માણાવદરમાં રિપેરીંગના પૈસાની ઉઘરાણી પ્રશ્ને માર મારી ધમકી આપી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

માણાવદરમાં ગાયત્રી મંદિર પાસે રહેતા ગિરીશભાઈ રામભાઈ ડાકી(ઉ.વ.૪૨)એ આરીફભાઈ તૈયબભાઈ સેતા રહે.કતકપરા તેમજ અજાણ્યા પાંચ માણસો વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદીએ આરોપી નં-૧નું મોટરસાઈકલ એકાદ મહીના પહેલા રીપેરીંગ કરી આપેલ જે રીપેરીંગના રૂા.૮૫૦૦ બાકી હોય જેની ઉઘરાણી ફરિયાદીએ ફોન કરી કરતા ફરિયાદીને ભુંડી ગાળો કાઢી બાદમાં આરોપીઓ ફોર્ચ્યુનર કારમાં ફરિયાદીના ગેરેજએ આવી ગેરકાયદેસર મંડળી રચી આરોપી નં-૧એ છરી વતી ફરિયાદીને કપાળના ભાગે તથા જમણા હાથમાં ઈજા કરી તેમજ અજાણ્યા પાંચેય આરોપીઓએ લાકડા ધોકા તથા પાઈપ વતી ફરિયાદીને શરીરે આડેધડ માર મારી ફરિયાદીને બંને પગમાં તથા ડાબા હાથમાં તેમજ શરીરે મુંઢ ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી જીલ્લા મેજી. જૂનાગઢના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા માણાવદર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# દિવાળી ટાણે જ જૂનાગઢના ઉપરકોટ વિસ્તારમાં આજથી ત્રણ દિવસનો પાણી કાપ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૭ : જૂનાગઢ મહાનગરપાલિકાની વોટર વર્કસ શાખા દ્વારા ભાટીયા ધર્મશાળા રોડ, બુકર ફળીયા, સુન્ની બોરવાડ, માત્રી રોડ, નાથીબુ મસ્જીદ, જગમાલ ચોક તથા ઉપરકોટ વિસ્તારમાં પાણીની પાઈપ લાઈનની રિપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. ત્યારે આગામી દિવસોમાં દિવાળીનું મહાપર્વ આવી રહ્યું છે. જેને લઈને લોકો દ્વારા ઘરની સાફ સફાઈ સહિતની કામગીરી કરતા હોય છે. ત્યારે આ તહેવારના સમયે જ મનપા દ્વારા પાણી કાપની જાહેરાત કરતા રોષ ફેલાયો છે. આજ તા.૭થી તા.૯ ત્રણ દિવસ સુધી ઉપરોકત ઉપરકોટ સહિતના વિસ્તારોમાં વોટર વર્કસ શાખા દ્વારા પાઈપલાઈન રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જેથી આ ત્રણ દિવસ સુધી આ વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રાખવાની જાહેરાત મનપા દ્વારા કરવામાં આવી છે.

# કોહલીની કુલ સંપત્તિ લગભગ ૧,૫૦૦ કરોડ રૂપિયા જેટલી છે

નવી દિલ્હી, તા.૭

વર્લ્ડ કપ ૨૦૨૩માં રવિવારે કોલકાતા ખાતે દક્ષિણ આફ્રિકા અને ભારત વચ્ચે મેચ રમાઈ હતી, જેમાં વિરાટ કોહલીએ તેની કારકિર્દીની ૪૯મી સદી ફટકારીને સચિન તેંડુલકરની બરાબરી કરી હતી. ત્યારે દરેક વ્યક્તિ જાણવા માંગતા હોઈ છે કે તેમના ફેવરિટ ક્રિકેટર્સ કેટલું કમાય છે અને તેમની નેટવર્થ શું છે. ત્યારે મોટાભાગના લોકો વિરાટ કોહલીની નેટવર્થ વિશે જાણવા માંગતા હોવાથી તેઓ ગૂગલ પર સર્ચ કરી રહ્યા છે. વિરાટ કોહલીએ ૨૦૦૮માં ભારત માટે પોતાની કારકિર્દીની શરૂઆત કર્યા બાદ છેલ્લા ૧૫ વર્ષમાં એટલું બધું મેળવ્યું છે કે કોઈને પણ તેના પ્રત્યે ઈર્ષ્યા થાય. અલગ-અલગ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, વિરાટ કોહલીની કુલ સંપત્તિ લગભગ ૧,૫૦૦ કરોડ રૂપિયા જેટલી છે. જેમાં તેને ક્રિકેટમાંથી મળતી ૧.૩૦ કરોડ રૂપિયાની માસિક આવકનો પણ સમાવેશ થાય છે. તેમજ કોહલી જીમ ચેન ચિસેલ અને તેની ફેશન બ્રાન્ડ રોંગમાંથી પણ કમાણી કરે છે. ક્રિકેટમાંથી માસિક કમાણી હોવા ઉપરાંત કોહલીને **BCCI** પાસેથી પ્રતિ ટેસ્ટ મેચના રૂા. ૧૫ લાખ, પ્રતિ **ODI** મેચના રૂા. ૬ લાખ અને પ્રતિ **T20** મેચના રૂા. ૩ લાખ મળે છે. કોહલી પાસેએવી ઘણી મોટી બ્રાન્ડ્સ છે, જેની પાસેથી તેઓ ઘણા પૈસા વસૂલે છે. જણાવી દઈએ કે, કોહલી પાસે હાલ લગભગ ૩૫થી ૪૦ બ્રાન્ડ્સ છે અને મળતી માહિતી અનુસાર, કોહલી પ્રતિ એડવર્ટાઈઝમેન્ટ વર્ષમાં ૭થી ૧૦ કરોડ રૂપિયા વસૂલે છે. એટલે કે કોહલી એક વર્ષમાં લગભગ ૨૫૦થી ૩૦૦ કરોડ રૂપિયા માત્ર એડવર્ટાઈઝમેન્ટમાંથી જ કમાઈ લે છે. કોહલી પાસે તેના ઘણા ઘર છે. વર્ષ ૨૦૧૬માં કોહલીએ પત્ની અનુષ્કા સાથે મળીને પ્રોપર્ટી ખરીદી હતી. તેમજ તેણે ગુડગાંવમાં કેટલાક મકાનોમાં રોકાણ કર્યુ છે. **DLF VuÍ-1**માં વિરાટ કોહલી એક મોટું ઘર ધરાવે છે. વિરાટ કોહલીની પ્રોપર્ટીમાં તેણે મુંબઈના વર્લી ડિસ્ટ્રિકટમાં ઓમકાર ૧૯૭૩ બિલ્ડિંગમાં ખરીદેલું મોંઘું એપાર્ટમેન્ટ પણ સામેલ છે. તેના મુંબઈના ઘરની કિંમત ૩૪ કરોડ રૂપિયા છે, જયારે વિરાટના ગુડગાંવ ખાતેના ઘરની કિંમત ૮૦ કરોડ રૂપિયા છે. આપણે સૌ જાણીએ છીએ કે, વિરાટ કોહલીને કાર્સ ખૂબ જ પસંદ છે. કોહલીએ ઓછા સમયમાં ઘણી બધી કાર ખરીદી છે. તેના કાર કલેકશનમાં ઓડી **R8** ફ૧૦ પલ્સ (૨.૧૭ કરોડ), ઓડી **R8LMX** (૧.૫૮ કરોડ), ઓડી **Q8** (૧.૩૩ કરોડ), **Q7** (૬૯ લાખ), ઓડી **RS5** (૧.૧૩ કરોડ), ઓડી ૫ (૭૫ લાખ), રેનોલ્ટ ડસ્ટર (૨.૧૧ કરોડ), ટોયોટા ફોર્ચ્યુનર, રેન્જ રોવર વોગ (૨.૧૧ કરોડ), બેન્ટલી કોન્ટિનેંટલ જીટી અને ફલાઈંસ્પર (૧.૭૦ કરોડ)નો સમાવેશ થાય છે.


www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

દિવાળીના શુભ મુહૂર્ત

:: ધનતેરસ :: 10/11/2023 (શુક્રવાર) બપોરે 12:40થી 1:35 સાંજે 4:35થી 5:55 રાત્રે 9:10થી 10:45

:: કાળી ચૌદસ :: 11/11/2023 (શનિવાર) બપોરે 1:58 પછી ચૌદસ

:: દિવાળી :: 12/11/2023 (રવિવાર) બપોરે 1:30થી 2:45 સાંજે 6:00થી 10:30 મોડી રાત્રે 12:30થી 2:15

:: પડતર દિવસ :: 13/11/2023 (સોમવાર)

:: નૂતન વર્ષ :: 14/11/2023 (મંગળવાર) સવારે 9:35થી બપોરે 1:35

:: ભાઈબીજ :: 15/11/2023 (બુધવાર) સવારે 8:15 થી 12:30

:: લાભ પાંચમ :: 18/11/2023 (શનિવાર) સવારે 8:20 થી 9:35 બપોરે 12:5 થી 1:25

:: છઠ્ઠ :: 19/11/2023 (રવિવાર) સાંજે 6-30થી 9:30

:: જલારામ જયંતિ :: 20/11/2023 (સોમવાર) સવારે ૧:૦૦થી ૧૦:૩૦

::તુલસીવિવાહ| દેવઉઠી અગિયારા:: 24/11/2013 (શુક્રવાર) સવારે 8-30થી 10:00 બપોરે 12:00થી 130

દેવ દિવાળી | ગુરુ નાનક જયંતિ: 27/11/2023 (સોમવાર) સવારે 9:00 થી 10:30

# જૂનાગઢ સહિયર ગૃપની બહેનો દ્વારા દિપાવલી પર્વને લક્ષમાં રાખી વિવિધ ચિજોનું યોજાયુ વેચાણ સહ પ્રદર્શન

## દિવાળી એક્ઝિબિશનનાં માધ્યમે લેઉવા પટેલ સહિયર ગ્રુપ દ્વારા બહેનોને આત્મ નિર્ભર કરવા માટે સહિયારો પ્રયાસ





જૂનાગઢ, તા.૭

લેઉવા પટેલ સહિયર ગ્રુપ દ્વારા બહેનોને આત્મનિર્ભર કરવા માટે સહિયારા પ્રયાસનાં ભાગ રૂપ દોમડીયા વાડીનાં મધ્યસ્થ ખંડમાં ૬૪ જેટલા સ્ટોલનાં માધ્યમથી દિવાળી એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવાળી એક્ઝિબિશનમાં જ્વેલરી-ઈમિટેશન, લેડીઝવેર, વેસ્ટનવેર, હેન્ડલુમ, બાજોટ, મુખવાસ, ફેન્સી સાડી, પર્સ, કટલેરી, કિચનવેર, ભગવાનનો શણગાર, સેનેટરી પેડ, કેંગન વોટરનો ડેમો, ફ્રોઝન ફ્રુટ આઈટમો તેમજ દિવાળીને લગતી વસ્તુઓ જોવા અને ખરીદવા માટે એક દિવસીય એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું દિપોત્સવી પ્રદર્શન કમ વેચાણ કેન્દ્રની વિગતો આપતા ભદ્રાબેન વૈશ્નવે જણાવ્યુ હતુ કે સ્વસહાય જુથ વિશે વાંચીએ અને સાંભળીએ છીએ તે મુજબ ગરીબ ઘરની બહેનો સ્વસહાય જુથો રચે છે. તેઓ ઘણી નાની-નાની રકમની બચત કરે છે. તેઓ સ્વસહાય જુથમાં આ નાની રકમો એકબીજાને ધીરે છે. તેઓ પોતાની અનેક સમસ્યાઓનો સાથે મળી ઉકેલ લાવે છે. બસ આવા જ ભાવ સાથે અમારી સહિયર ગૃપની બહેનોને વિચાર આવ્યો કે આપણા શહેરમાં અનેક બહેનો હાથ હુન્નર-ભરત ગુંથણમાં કૌશલ્ય ધરાવે છે. તો કોઈ બહેનો ભગવાનાં વાઘા બનાવી જાણે છે. તો કોઈ બહેનો ખાખરા, પાપડ અને ફરસાણની સવાદિષ્ટ વાનગીઓ બનાવવાની મહારત ધરાવે છે. તો કોઈ ફળો અને તેનાં અર્કને ફ્રોઝન કરી વર્ષમાં સારા પ્રસંગોએ ફ્રોજન કરેલ ફળોનાં આ સાત્વીક રસનો સ્વાદ માણી શકે તેવી જાણકારી ધરાવતા હોય છે. આવા કૌશલ્ય ધરાવતા બહેનોને તેમની શક્તિઓને નિખાર મળે અને તેમનાં દ્વારા નિર્મિત વસ્તુઓને બજારમાં વેચાણ કરીને આવક ઉભી કરી શકે તે દીશામાં વિચાર આવતા અમોએ અમારા ટ્રસ્ટીઓનાં સહયોગથી દોમડીયાવાડીનાં મધ્યસ્થ ખંડમાં હસ્તકલા અને હાથ હુન્નરથી નિર્મિત ચિજ વસ્તુઓનું પ્રદર્શન ગોઠવી બહેનોનાં ઉત્પાદીત માલનું વેચાણ થાય તેવો પ્રયાસ કરેલ છે.

સહિયર ગૃપનાં મિત્તાબેન જે. લીલાએ વાત કરતા જણાવ્યુ કે બહેનો સામાન્ય રીતે ઘરકામથી પરવારીને કોઈને કોઈ નવા વિષયને ધ્યાન લઈને શિખવા પ્રયત્ન કરતી હોય છે. તેમાં ભતગુંથણ, રસોઈકળા, કટલેરી- હોઝીયરી, મુખવાસ જેવી બાબતોને સાંકળીને બહેનો દ્વારા નિર્મિત ચિજ વસ્તુઓને માર્કેટ મળે અને બહેનો પ્રોત્સાહિત થાય તે માટે આજે અમે આ આયોજન કર્યુ છે. જો આમાં અમેસફળ રહીશું તો આવનાર દિવસોમાં વધારે સારૂઆયોજન કરીશું. આ પ્રદર્શન ની મુલાકાતે પધારેલ પ્રભાબેન પટેલ અને નયનાબેન વઘાસિયાએ સહિયર ગૃપ દ્વારા બહેનોને પ્રોત્સાહક બની રહેવા અંગે સહારના કરી હતી. અને આ હાટમાંથી ખરીદેલ ચીજવસ્તુથી સંતોષ વ્યક્ત કર્યો હતો. આ તકે જૂનાગઢ પટેલ સમાજનાં અગ્રણીશ્રી કરશનભાઈ ધડુક, જી.કે.ગજેરા, જેરામભાઈ ટીંબડીયાએ આ પ્રદર્શનની મુલાકાત લઈ બહેનોને શુભકામનાં વ્યક્ત કરી હતી.

# જૂનાગઢ જીલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓના જન્મદિવસ ઉજવાશે : અગ્રણીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ સહભાગી થશે

## સરકારી પ્રાથમિક શાળામાં મહત્તમ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે તે માટે કટિબદ્ધ બનવા શિક્ષકોને નિર્દેશ : શિક્ષણના સ્તરને વધુ ઊંચું લઈ જવા મથામણ




જૂનાગઢ, તા.૭

જૂનાગઢ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓનો ગરીમાપૂર્ણ રીતે જન્મદિવસ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ઉત્સવમાં સ્થાનિક પદાધિકારીઓ, આગેવાનો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ સહભાગી થશે. સાથો સાથ સરકારી પ્રાથમિક શાળામાં મહત્તમ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે તે માટે કટિબદ્ધ બનવા શિક્ષકોને નિર્દેશ જારી કરવામાં આવ્યા છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમરે શિક્ષણની સાથે સંસ્કારની ખેવના કરતા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં ચાલતા શિક્ષણ કાર્યોની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. જિલ્લામાં શિક્ષણનું સ્તર વધુ ઉંચુ લાવવા માટે જરૂરી પગલાં લેવાની સાથે શાળામાં રચનાત્મક પ્રવૃત્તિ હાથ ધરવા પણ જણાવવામાં આવ્યું છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમરના નિર્દેશથી થયેલ પરિપત્ર મુજબ વાર્ષિક ઉત્સવ કે, શાળાના જન્મદિવસ ઉજવણીમાં સંબંધિત જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યો, અગ્રણીઓ માજી સૈનિકો વગેરેને આમંત્રિત કરવાના રહેશે. ઉપરાંત એક વોટ્સએપ ગ્રુપ બનાવી જેમાં શાળામાં થતી પ્રવૃત્તિઓ જેવી કે પ્રાર્થના સભા, બાલસભા, મેદાની રમતો અન્ય કાર્યક્રમોના તસવીરો મૂકી સ્કૂલ મેનેજમેન્ટ કમિટીના સભ્યો અને વાલીઓને અવગત કરાવવાના રહેશે. શાળાના શિક્ષકઓ પણ નિયમિત રહી વિદ્યાર્થીઓના શિક્ષણ સાથે સંસ્કાર સિંચન માટે પૂરતો ભાર આપે. તેની ખાતરી માટે જિલ્લા પંચાયતના પ્રમુખ સહિતના આકસ્મિક મુલાકાત લેશે. આમ, આ મુલાકાત દરમ્યાન કોઈપણ પ્રકારની ક્ષતિઓ, અનિયમિતતાઓ, જણાયે જરૂરી શિક્ષાત્મક કાર્યવાહી પણ કરવામાં આવશે.

# કેશોદ તાલુકામાં ઘરેથી નીકળી ગયેલ બાળકીના પરિવારને શોધી ઘરે પહોંચાડતી અભયમ ટીમ

જૂનાગઢ, તા.૭

કેશોદ તાલુકાના એક ગામમાં એક ૧૦ વર્ષીય કિશોરી મળી આવતા જાગરૂત નાગરિકે સાંજના સમયે ૧૮૧ અભયમ્ હેલ્પલાઈન પર ફોન કરી મદદ માંગી હતી.

૨૧૮૧ કાઉન્સેલર દક્ષા ચાવડા સહ સ્ટાફ સ્થળ ઉપર જઈ બાળકી જે ઘરે હતી તે પરિવાર સાથે તથા બાળકી સાથે શાંત્વના સહ કાઉન્સિલીંગ કરી સમગ્ર સમસ્યા જાણી બાળકીએ જણાવ્યું કે, તેઓ દાહોદ જિલ્લાના એક ગામમાં રહે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ છેલ્લા ૨૦/૨૫ દિવસથી એક ખેડૂતને ત્યાં મજૂરી કામ માટે આવ્યા છે. મારા ભાઈના છોકરાને રાખવા બાબતે ભાઈ-ભાભી સાથે ઝઘડો થતા હું કહ્યા વગર સવારે ઘર છોડી નીકળી ગઈ. બાળકી સાથે વાતચીત કરી તેના ભાઈ-ભાભી કઈ જગ્યાએ રહે છે, તે કાઉન્સેલીંગ સહ વાતચીત દરમ્યાન જાણ્યું, વિગતે યાદ ન હતું માત્ર ગામનું નામ ખબર હતું તેના આધારે ૧૮૧ની ટીમે બાળકીના ભાઈ-ભાભી જ્યાં રહેતા હતા તે સ્થળ શોધી ત્યાં જઈ તેના ભાઈ-ભાભી તથા જયાં મજૂરીએ આવેલા છે તે પરિવાર સાથે વાતચીત કરી હતી. તેઓએ જણાવ્યું કે અમે કેટલા સમયથી આને શોધતા હતા.બાળકીના ભાઈ-ભાભી સાથે વાતચીત કરી અને આવી રીતે ઝઘડો ના કરે તથા બાળકીના માતા-પિતા હયાત ન હોવાથી એક મોટા ભાઈ તરીકેની શું જવાબદારી અને ફરજ હોય તે સમજાવ્યું હતુ. અંતે બાળકી રાજીખુશીથી ત્યાં જ રહેવા તૈયાર થઈ ગઈ અને બાળકીને જણાવ્યું કે કાંઈ હેરાનગતિ હોય તો ઘર છોડી ચાલ્યું નહીં જવાનું પરંતુ ૧૮૧ હેલ્પલાઈન પર ફોન કરાવાનો અને બાળકીના પરિવારને જણાવ્યું કે આવી રીતે કોઈ ગુમ થઈ જાય કે ખોવાય જાય તો પોતાની રીતે તો શોધવા માટેના પ્રયાસ કરવાના પરંતુ વહેલી તકે પોલીસ સ્ટેશનમાં જાણ કરવી.અંતે બાળકીના ભાઈ-ભાભી સહ સમગ્ર પરિવારે ૧૮૧ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જૂનાગઢ જીલ્લામાં રાજયકક્ષાના દિવ્યાંગ પારિતોષિકો મેળવવા માટેની અરજી કરી શકાશે

## તા. ૩૦ નવેમ્બર સુધી અરજી રૂબરૂ અથવા ટપાલ મારફત મોકલવી

જૂનાગઢ, તા.૭

દિવ્યાંગતા ધરાવતા અંધ, મુક બધિર, રક્તપિત તેમજ અસ્થિવિષયક ખામી અને માનસિક દિવ્યાંગતા ધરાવતા કર્મચારીઓ, સ્વરોજગાર કરતી દિવ્યાંગ વ્યકિતઓ અને તેમને કામે રાખતા નોકરીદાતાઓ તથા તેમને નોકરીમાં થાળે પાડવા વિશિષ્ટ કામગીરી કરતાં પ્લેસમેન્ટ ઓફીસર માટે રાજય કક્ષાના દિવ્યાંગ પારિતોષિક સ્પર્ધા – ૨૦૨૩માં ભાગ લેવા હેતુસર અરજીપત્રકનો નમુનો વેબસાઈટ www.talimrojgar.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી મેળવી શકાશે અથવા જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢ ખાતેથી વિનામુલ્યે અરજીપત્રક મેળવી સંપૂર્ણ વિગત ભરી અરજીપત્રક સાથે શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો, છેલ્લા ત્રણ માસની અંદરનું દાકતરી પ્રમાણપત્ર અને અન્ય સંબંધિત તમામ દસ્તાવેજો તેમજ ખોડ દર્શાવતા પોસ્ટ કાર્ડ સાઈઝના ફોટોગ્રાફ બિડાણમાં સામેલ રાખવાનાં રહેશે તેમજ નોકરીદાતા અને પ્લેસમેન્ટ ઓફીસર માટેનાં નિયત ફોર્મમાં દર્શાવેલ કોલમ મુજબની પુરેપુરી વિગતો સાથે સંબંધિત જરૂરી બિડાણો અચુક સામેલ રાખી બે નકલમાં દરખાસ્ત તૈયાર કરી તા.૩૦/૧૧/૨૦૨૩ સુધીમાં મળી જાય તે રીતે રૂબરૂ અથવા ટપાલ મારફત જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જુનાગઢને મોકલી આપવાના રહેશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરીના સંપર્કનંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯ ઉપર અથવા જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જુનાગઢનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

# શ્રી જૂનાગઢ તાલુકા સમસ્ત કોળી સમાજ દ્વારા સ્નેહ મિલન યોજાશે

જૂનાગઢ, તા.૭

શ્રી જૂનાગઢ તાલુકા સમસ્ત કોળી સમાજ આયોજીત સ્નેહ મિલનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આગામી તા.૧૪/૧૧/૨૦૨૩ મંગળવારે સાંજે ૪ થી ૬ દરમ્યાન ન્યુબેસ્ટ ઈંગ્લીશ સ્કુલ રેલ્વે લાઈબ્રેરી પાસે જૂનાગઢ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા શ્રી જૂનાગઢ તાલુકા સમસ્ત કોળી સમાજ તથા સમુહ લગ્ન સંકલન સમિતિ દ્વારા જ્ઞાતિજનોને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# મારવાડી યુનિવર્સીટીના ફિઝિયોથેરાપી વિભાગ દ્વારા અત્યાર સુધીમાં ૧ લાખ લોકોએ વિવિધ પ્રકારની થેરાપી સારવાર લીધી



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૭

આજના યુગમાં લોકો ફિઝિયોથેરાપી સારવારનું મહત્વ સમજી રહ્યા છે. ધીરે ધીરે એવી સમજણ લોકો સુધી પહોંચી રહી છે કે, ફિઝિયોથેરાપી એ ફક્ત કાંઈ કસરત જ નથી. એ કોઈપણ જાતની ઈજાથી થતી તકલીફ સંપુર્ણપણે અંત લાવવા અને શરીરના સ્નાયુ, સાંધાને બરાબર રીતે પહેલાની જેમ સાજા કરવા માટે ખુબજ જરૂરી છે. આ ક્ષેત્રે મારવાડી યુનિવર્સિટીનું ફિઝિયોથેરાપી ડિપાર્ટમેન્ટ જુલાઈ ૨૦૧૯થી ખુબ જ પ્રશંસનીય કામ કરી રહ્યું છે. જુલાઈ ૨૦૧૯થી નવેમ્બર ૨૦૨૩ સુધીમાં, રાજકોટમાં સ્થિત કુલ ચાર ઓપીડીમાં એક લાખ દર્દીઓની સારવાર થયેલ છે. મારવાડી યુનિવર્સિટી દ્વારા સંચાલિત ચાર ઓપીડીમાં વિવિધ સારવારો ઉપલબ્ધ છે જેવી કે કમર, ગરદન, ઘૂંટણ, ખભા, એડીના દુ:ખાવાની સારવાર, ફ્રેક્ચર તથા સાંધા બદલાવ્યા, વિવિધ ઓપરેશન પછીની સારવાર, હાથ, પગ, મોઢાનો લકવા તેમજ કંપવાની સારવાર, સેરેબલ પાલ્સી, પ્રસુતિ પછીની તથા વિવિધ બીજી સારવારનો સમાવેશ પણ છે. વધુમાં આ બધી જ સારવાર ખૂબ જ નજીવા દરે ઉપલબ્ધ છે.

# ઉના એસટી ડેપો દ્વારા તહેવારો દરમ્યાન વધારાની બસો શરૂ કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૭

ઊના એસ. ટી. ડેપો દ્વારા દિવાળીના તહેવારો અને વેકેશન સબબ રાજકોટ-જૂનાગઢ રૂટ ઉપર એક્સ્ટ્રા બસો શરૂ કરવામાં આવશે તેમજ સુરતથી આવવા એક્સ્ટ્રા ૭ બસો ફાળવવામાં આવી છે. ઊનાના ધારાસભ્ય કાળુભાઈ સી.રાઠોડે અમરેલી જિલ્લાના વિભાગીય નિયામકને અને ઊના એસ. ટી. ડેપો મેનેજરને રજૂઆત કરેલ કે દિવાળીના તહેવારોમાં ઊના અને ગીર ગઢડા તાલુકાની જનતાને મુશ્કેલીના પડે તેમાટે એક્સ્ટ્રા બસો શરૂ કરવા તેથી અમરેલી એસ.ટી. ડિવિઝનના વિભાગીય નિયામક પી.પી. ધામાની સૂચનાથી ઊના એસ.ટી. ડેપો મેનેજર એલ.ડી. રાઠોડ રેગ્યુલર એસટી બસ સિવાય વધુ એક્સ્ટ્રા રૂટ ઉપર બસ ચલાવવા નક્કી કરતા ઊનાથી રાજકોટ વાયા ધારી, બગસરા, ગોંડલ રૂટ ઉપર બપોરે ૧૩ કલાકે બસ ઉપડશે અને બીજા દિવસે આજ બસ આ રૂટ ઉપર સવારે ૫, ૦૦ કલાકે રાજકોટ થી ઊના આવવા મળશે તેમજ મુસાફરોને સગવડતા માટે ઊનાથી જૂનાગઢ વધારાની બસ મુકાશે તેમજ આ વિસ્તારના જેલોકો સુરત રહે છે અને તે સોરઠ વતનમાં તહેવારો વેકેશનમાં આવવા માટે ઊના એસ.ટી. ડેપો દ્વારા તા,૮/૧૧ અને ૯/૧૧ના ઉનાથી સુરત જવા એક્સ્ટ્રા બસો મુકાશે હાલ સાત બસો સુરતથી ઊના, ગીર ગઢડા તાલુકાના ગામોમાં આવવા માટે ફાળવેલ છે. તો લોકો એ એસ.ટી. બસમા મુસાફરી કરવા અપીલ કરી છે.

# કાળી ચૌદશે પાણી-અનાજનો બગાડ અટકાવવા જાથાએ રાજય સરકરને આવેદનપત્ર પાઠવ્યું

## રાજયના તમામ કલેકટર, જીલ્લા વિકાસ અધિકારીઓને પરિપત્ર કરવા રજુઆત

અમદાવાદ, તા.૭

ભારતમાં સદીઓથી કાળી ચૌદશની ગેરમાન્યતા, પરંપરાઓ, કુરિવાજો, માન્યતાઓ, ક્રિયાકાંડો પ્રદેશના રીતરિવાજ મુજબ જોવા મળે છે. કકડાટને દૂર કરવા ચાર ચોકમાં કુંડાળા કરી તેમાં ભજીયા–વડા મુકવાથી વાસ્તવમાં કકડાટ દૂર થયો છે કે નહિ તેનું મંથન કરવાનો સમય પાકી ગયો છે. ભાવિ પેઢીને વારસામાં આપણે શું આપવા માંગીએ છીએ. માનવીનું ૨૧ મી સદીને અનુરૂપ વર્તન હોવું જોઈએ. ચાર ચોકમાં ખાદ્ય અનાજ, પાણીનો બગાડ અટકાવવો સૌ કોઈની નૈતિક ફરજ છે. ગરીબી રેખામાં જીવતા લોકોને બે ટંક ખાવાનું મળતું નથી. દેશમાં ભૂખમરો જોવા મળે છે ત્યારે કાળી ચૌદશે ચાર ચોકમાં કુંડાળા કરી ખાદ્ય અનાજ–પાણીના બગાડ અટકાવવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજયવ્યાપી લોકોને અપીલ કરવામાં આવે છે. પ્રતિ વર્ષની જેમ સરકારની મંજુરી લઈ નિયમોનું પાલન કરી સ્મશાનમાં આયોજન કરવામાં આવશે. જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે આગામી તા. ૧૧ મી નવેમ્બર શનિવારે કાળી ચૌદશની ગેરમાન્યતા–કુરિવાજો સામે જાગૃતિ લાવવા દેશવ્યાપી આયોજન કરવામાં આવ્યું છે. રાજય સરકારના મુખ્યમંત્રી સહિત ઉચ્ચ અધિકારીઓને પત્ર પાઠવી મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, ગ્રામ પંચાયતો, કાળી ચૌદશના દિવસે અનાજ–પાણીનો બગાડ અટકાવવા ઠોસ કદમ ઉઠાવે અને ચાર ચોકમાં પડેલો ખાદ્ય અનાજ–પદાર્થ એકઠો કરવા સંબંધી વ્યવસ્થા કરી ભુખ્યા માનવી કે પશુના પેટમાં અનાજ જાય તેવી ગોઠવણ કરવા પત્ર પાઠવવામાં આવ્યો છે. રાજયના તમામ જિલ્લાના કલેકટરો, જિલ્લા વિકાસ અધિકારીઓને પણ પત્ર પાઠવી પરિપત્ર કરવા સંબંધી રજૂઆત કરવામાં આવી છે. સદીઓથી કુરિવાજનું વળગણ દુઃખદ છે. જાથાને પ્રચાર માધ્યમો ભરપૂર ટેકો આપે છે ત્યારે લોકોએ જાગૃતતાના દર્શનની અપેક્ષા છે. રાજયમાં જાથા એક હજાર બસ્સો નાના–મોટા નગરોમાં કાળી ચૌદશની ગેરપરંપરા સામે જાગૃતિના અવનવા કાર્યક્રમો યોજવાના છે. ચાર ચોકમાં કુંડાળા કરવાના રિવાજને કાયમી તિલાંજલિ, અનાજ– પાણીનો બગાડ અટકાવવો, ભૂત–પ્રેતની બોગસ વાર્તાઓને જમીનદોસ્ત કરી દફનાવવું અને કુરિવાજોને કાયમી દેશનિકાલ કરવા ભગીરથ અભિયાન આદર્યું છે તેમાં જાગૃતોનો સહયોગ જાથા ઈચ્છે છે. કાળીચૌદશની ઉજવણી વિવેકપૂર્ણ યોજી સ્થાનિક તંત્રની મંજુરી મેળવી કાર્યક્રમ યોજવા જાથાએ અપીલ કરી છે. જાથાના પંડયા જણાવે છે કે તા. ૧૧ મી નવેમ્બર શનિવારે કાળી ચૌદશની ગેરમાન્યતા સામે જાગૃતિ પત્રિકાનું વિતરણ જિલ્લા મથકોએ કરવામાં આવશે. મહિકા ગામે ઘરે ઘરે પત્રિકાનું વિતરણ કરવામાં આવશે. આગામી તા. ૧૧ મી નવેમ્બરે પોતાના ગામના સ્મશાનમાં કાર્યક્રમો યોજવા ઈચ્છુકોએ જાથા મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# દેવભૂમિ દ્વારકા ખાતે સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજનું ૨૭મું મહાઅધિવેશન યોજાયું

જૂનાગઢ તા. ૭

દેવભૂમિ દ્વારકા ખાતે સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજનું મહાઅધિવેશન તાજેતરમાં યોજવામાં આવેલ હતું. જેમાં દરેક જીલ્લામાંથી પદાધિકારીઓ હાજર રહયા હતા. આ પ્રસંગે ધર્મિષ્ઠાબેન જોષીએ જણાવેલ કે જીલ્લામાં મહિલાઓ દ્વારા ગરબી યોજવામાં આવેલ અને મહિલાઓને સન્માનિત કરવામાં આવેલ હતી. આ પ્રસંગે ભાવનગરના ડી.કે. વ્યાસ ખાસ ઉપસ્થિત રહયા હતા. વીયાથી અશ્વિનભાઈ રાવલ, અમરેલીના ડી.જે. મહેતા ઉપસ્થિત રહયા હતા. જામખંભાળીયાના પ્રમુખ વિપુલભાઈએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે ગીર સોમનાથથી છેલભાઈ જોષી, ભાવનગરથી ભાવેશભાઈ ઠાકર સહિત બહોળી સંખ્યામાં બ્રહ્મસમાજના કાર્યકરો હાજર રહેલ હતા. આ અધિવેશનમાં બ્રહ્મસમાજ વધુ સંગઠીત થાય તે બાબત ઉપર ભાર મુકવામાં આવેલ હતો. આ ઉપરાંત દ્વારકાધીશ મંદિરે અને રૂકમણી મંદિરે પણ ધજા ચડાવવામાં આવી હતી. આ અધિવેશનમાં રાજયસભાના સાંસદ રામભાઈ કોકરીયા, અર્જુનભાઈ ત્રિવેદી, દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેક વગેરે પણ ખાસ ઉપસ્થિત રહયા હતા.

# ચેક રીટર્ન કેસમાં આરોપીને છ માસની કેદની સજા

જૂનાગઢ તા. ૭

શ્રી કેશવ કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. જૂનાગઢની કેશોદ શાખામાંથી દેવરાજભાઈ વૈયાપુરી કાંઉન્ડર (જોન ચા વાળા)એ રૂા.૫૦,૦૦૦ ની લોન લીધી હતી. આ લોનની રકમ ભરપાઈ કરવા માટે તેઓએ સોસાયટીને આપેલ ચેક બેંકમાં રજુ કરતા અપુરતી રકમના શેરા સાથે ચેક રીટર્ન થયેલ હતો. જેથી સોસાયટીના પેનલ એડવોકેટ મારફત લીગલ નોટીસ આપેલ હતી. નોટીસ મળ્યા પછી પણ તેઓએ રકમ ન ચુકવતા કેશોદની કોર્ટમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ ફરીયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસ તાજેતરમાં ચાલી જતા કેશોદના એડીશ્નલ ચીફ જયુડી. મેજી. સાંગાણીની કોર્ટે આરોપી દેવરાજભાઈ વૈયાપુરી કાંઉન્ડરને છ માસની સજા તથા ચેક રીટર્નની રકમ વળતર પેટે સોસાયટીને ચુકવી આપવા હુકમ કરેલ છે. આ કેસમાં ફરીયાદી કેશવ ક્રેડીટ કો.ઓપ.સોસાયટી તરફે એડવોકેટ વી.પી. ગોસ્વામી તથા જે.આર. પુરોહીત રોકાયેલા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# ભારતીય સશસ્ત્રદળોનો ઉદ્દેશ્ય સૈન્ય ક્ષમતા હાંસલ કરવાનો છે

દેશની સુરક્ષાને ચોક્કસ રાખવામાં ભારતીય વાયુસેનાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. જોકે ભૂતકાળમાં ભારતીય વાયુસેનાની નિર્ભરતા વિદેશી ટેકનિક પર વધારે રહી છે, પરંતુ હવે એરફોર્સ સતત સ્વદેશી ટેકનિક પર નિર્ભર થતું જાય છે. ભારતીય સશસ્ત્ર દળોનો ઉદ્દેશ્ય પોતાના માટે બહેતર સૈન્ય ક્ષમતા હાંસલ કરવાનો છે, જેનાથી દેશ સીમા પારથી મળનારા પડકારોનો સફળતાપૂર્વક સામનો કરી શકે. ભારત પોતાની સુરક્ષા ચિંતાઓને કારણે રક્ષા ક્ષેત્રમાં સ્વદેશી ટેકનિકના આધાર પર તાકાતવર બનવાની તૈયારીમાં છે. આ સ્વદેશીકરણની અસર દેખાઈ પણ રહી છે. ગ્લોબલ એર પાવર્સ રેકિંગમાં ભારતીય વાયુસેનાને દુનિયાની છઠ્ઠી મજબૂત વાયુસેના રૂપે સ્થાન મળ્યું છે.

ભારતીય વાયુસેનાને શક્તિ સંતુલન જાળવી રાખવા માટે યુધ્ધ પ્લેટફોર્મો, હેલિકોપ્ટરો, નાઈટ વિઝન ઉપકરણો અને અન્ય મહત્ત્વપૂર્ણ રક્ષા ઉપકરણો અને બુનિયાદી માળખાની ખામીઓને મજબૂત કરવાની પણ જરૂર છે. જેને ટેક્નોલોજી હસ્તાંતરણ દ્વારા દેશમાં સંયુક્ત ઉદ્યમ લગાવીને હાંસલ કરવામાં આવે છે. તેમાં રશિયા, ઈઝરાયલ, ફ્રાન્સ અને અમેરિકાથી ટેક્નોલોજીઓનું હસ્તાંતરણ થઈ રહ્યું છે. તેનાથી ભારતે પોતાના ઘરેલુ રક્ષા ઉદ્યોગને મજબૂત કરવામાં મદદ મળી રહી છે.

ભારતીય વાયુસેનાએ હાલમાં જ એક ઘોષણા કરી કે જે અનુસાર સ્વદેશી એરોસ્પેસ ક્ષેત્રને ઉત્તેજન આપતાં લગભગ ૧૦૦થી વધુ ભારત-નિર્મિત એલસીએ માર્ક ૧-એ યુદ્ધ જેટ ખરીદવાની યોજના લાગુ કરાઈ રહી છે. ભારતીય વાયુસેના મુખ્ય એર ચીફ માર્શલ વીઆર ચૌધરીએ તેની ઘોષણા સ્પેનમાં ત્યારે કરી જ્યારે તેમણે પહેલું સી-૨૯૫ પરિવહન વિમાન પ્રાપ્ત કર્યું. વાયુસેના પ્રમુખ અનુસાર મિગ-૨૩ અને મિગ-૨૭ વિમાનોને નિયમાનુસાર બદલવા માટે જરૂરી છે કે દેશ પાસે એલસીએ શ્રેણીના પર્યાપ્ત વિમાન હોય. તેથી ૮૩ એલસીએ માર્ક ૧-એ ઉપરાંત લગભગ ૧૦૦ બીજાં વિમાનો માટે વાતચીત આગળ વધી રહી છે.

ભારતીય વાયુસેના પ્રમુખે સ્વદેશી ફાઈટર જેટ કાર્યક્રમને લઈને ગયા મહિને હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ સહિત તમામ સંબંધિત પક્ષો સાથે સમીક્ષા બેઠક કરી હતી. એ સમયે, એમાંથી લગભગ ૧૦૦ વધારાના વિમાન ખરીદવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આવનાર દિવસોમાં વાયુસેના પાસે ૪૦ એલસીએ, ૧૮૦થી વધુ એલસીએ માર્ક ૧-એ અને ઓછામાં ઓછાં ૧૨૦ એલસીએ માર્ક-૨ વિમાનો હશે. એલસીએ માર્ક ૧-એ માટે આખરી ઓર્ડર ૮૩ વિમાનો માટે હતો અને પહેલું વિમાન ફેબ્રુઆરી ૨૦૨૪ની આસપાસ મળી જશે. એલસીએ માર્ક ૧-એ તેજસ વિમાનનું ઉન્નત રૂપ છે, જેમાં સ્વદેશી સામગ્રી ૬૫ ટકાથી પણ વધારે હશે. લગભગ એક વર્ષ પહેલાં જોધપુરમાં રક્ષામંત્રી રાજનાથ સિંહે હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા ડિઝાઈન અને વિકસિત કરવામાં આવેલ 'પ્રચંડ' લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર (એલસીએચ)ને ભારતીય વાયુસેનામાં ઔપચારિક રૂપે સામેલ કરવામાં આવ્યું હતું.

અસલમાં સ્વદેશી ડિઝાઈન અને વિકાસ પ્રત્યે ભારતીય વાયુસેના દ્વારા વ્યક્ત કરાયેલો ભરોસો અને સમર્થન મારુત, એલસીએ, આકાશ મિસાઈલ સિસ્ટમ, એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર અને લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર જેવા ઉદાહરણોથી સ્પષ્ટ છે. સ્વદેશ નિર્મિત એલસીએચ આધુનિક યુધ્ધની જરૂરિયાતો અને સંચાલનની વિભિન્ન પરિસ્થિતિઓમાં જરૂરી ગુણવત્તા માપદંડોને પૂરા કરે છે. આ આત્મસુરક્ષા કરવા, વિભિન્ન પ્રકારના આયુધો લઈ જવામાં અને તેને તરત ક્ષેત્રમાં પહોંચાડવામાં સક્ષમ છે. એલસીએચ સેના અને વાયુસેના બંને માટે ઉપયોગી છે. એલસીએચ એચએએલ દ્વારા ડિઝાઈન અને નિર્મિત પહેલું સ્વદેશી મલ્ટીરોલ કોમ્બેટ હેલિકોપ્ટર છે. જમીની હુમલા અને હવાઈ યુધ્ધની ક્ષમતા છે. આધુનિક સ્ટીલ્થ વિશેષતાઓ, મજબૂત કવચ સુરક્ષા અને રાત્રે હુમલો કરવાની ક્ષમતા છે.

આજે ભારતીય સેના ન માત્ર સ્વદેશી ટેકનિક આધારિત શસ્ત્રો અને સહયોગી રક્ષા ઉત્પાદનોમાં સક્રિય છે, બલ્કે રક્ષા ઉત્પાદનનો કારોબાર પણ વધાર્યો છે. ૨૦૨૭ સુધી દેશની રક્ષા જરૂરિયાતોનો મોટાભાગનો હિસ્સો ખુદ ઉત્પાદિત કરવા અને તેના દ્વારા વિદેશી મુદ્રાની બચતનું લ-ય મૂકવામાં આવ્યું છે. સ્વદેશી રક્ષા ઉદ્યોગને ઉત્તેજન આપવા માટે ડીઆરડીઓએ આ દિશામાં જ્યાં શોધ અને ટેકનિકલ વિકાસ પર ફોકસ કર્યું, ત્યાં જ રક્ષા ઉદ્યોગ માટે કાર્યરત ભારત ડાયનેમિક્સ લિમિટેડ સહિત જાહેર ક્ષેત્રની રક્ષા ઉત્પાદન કંપનીઓએ પોતાના કામકાજની શૈલીમાં બદલાવ લાવવાની દિશામાં ઝડપ દેખાડી. એવામાં રક્ષા ટેક્નોલોજીના હસ્તાંતરણ પર પણ ફોકસ થયું. છેલ્લા પાંચ વર્ષમાં સરકારે ટેક્નોલોજીના હસ્તાંતરણ સાથે ૨૦૦થી વધુ રક્ષા અધિગ્રહણ પ્રસ્તાવોને મંજૂરી આપી છે. જોકે હજુ મોટાભાગના પ્રસંસ્કરણ પ્રારંભિક ચરણમાં છે. એ પણ કે દુનિયાના ટોચના ૧૦૦ સૌથી મોટા હથિયાર ઉત્પાદકોમાંથી ચાર કંપનીઓ ભારતની છે જે તમામ કંપનીઓ જાહેર ક્ષેત્રના ઉદ્યમ છે અને ઘરેલુ આયુધ માંગના મોટા હિસ્સાને પૂરી કરવાની જવાબદારી એમના પર જ છે.

# ભારતે આંતરિક સુરક્ષા પ્રત્યે સતર્ક થવું પડશે

ઈઝરાયલ પર બર્બર હુમલો કરનારા હમાસના પકડાઈ ગયેલા આતંકવાદીઓએ જણાવ્યું છે કે તેમને યહૂદીઓની હત્યા અને અપહરણ કરવાના સ્પષ્ટ આદેશ હતા. આ આતંકીઓએ કેટલાક વિદેશી નાગરિકો સહિત ૧૪૦૦થી વધુ ઈઝરાયલીઓને મોતને ઘાટ ઉતારી દીધા. તેમાં બાળકો, મહિલાઓ અને વૃદ્ધો પણ હતા. તેઓ બસોથી વધુ લોકોને બંધક બનાવીને ગાઝા લઈ ગયા. હમાસના આ બર્બર હુમલાના જવાબમાં ઈઝરાયલના પલટવારને કારણે ગાઝામાં જે મોત થઈ રહ્યાં છે, તેને લઈને અનેક દેશોમાં પ્રદર્શન થઈ રહ્યાં છે. અરબ દેશ પેલેસ્ટાઈન સાથે એકજુટતાનો સંદેશ તો આપી રહ્યાછે, પરંતુ તેઓ પેલેસ્ટાઈની નાગરિકોને શરણ આપવા માટે તૈયાર નથી! અમેરિકા દ્વારા અબ્રાહમ સમજૂતીને આગળ વધારતાં ઈઝરાયલ અને સઉદી અરબના સંબંધો સામાન્ય કરવાની જે કોશિશ થઈ રહી હતી, તેના પર હાલમાં ઠંડુ પાણી રેડાઈ ગયું છે. તેની સાથે જ પશ્ચિમ એશિયા થઈને ભારત-યુરોપ આર્થિક કોરિડોર પર પણ સંકટના વાદળો તોળાઈ રહ્યાં છે. આતંકવાદ જે ઘૃણા પર ઉછરે છે, તેમાં હમાસને મહારથ હાંસલ છે. તેનું લ-ય ઈઝરાયલના અસ્તિત્વને મિટાવી દેવાનું છે. ઈઝરાયલ હમાસને ખતમ કરવા માટે પ્રતિબદ્ધ છે, પરંતુ એ આસાન નથી. ગાઝા પટ્ટીની સુરંગોમાં બેઠેલા હમાસના આતંકી ઈઝરાયલી સૈનિકોની રાહ જોઈ રહ્યા છે. આ એ જ ગાઝા પટ્ટી છે, જેને ઈઝરાયલના વડાપ્રધાન એરિયલ શેરોને ૨૦૦૫માં પરસ્પર સદ્ભાવનો માહોલ બનાવવા માટે પેલેસ્ટાઈન લિપરેશન ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ યાસર અરાફતને હસ્તગત કરી દીધી હતી, પરંતુ જ્યારે ૨૦૦૬માં થયલે ચૂંટણીઓમાં કટ્ટરપંથી હમાસને ગાઝાની સત્તા મળી તો તે ઈઝરાયલને ખતમ કરવા તત્પર થયું. ગાઝામાં રહેનારા ૨૩ લાખ પેલેસ્ટાઈનીઓમાંથી ૩૧ ટકા જ હમાસ સમર્થક રહ્યા છે. બાકી પેલેસ્ટાઈની હમાસના વેઠિયા જેવા છે.

ઈઝરાયલમાં જે કંઈ થયું, તેનાથી ભારતે પણ બોધપાઠ લેવાની જરૂર છે. મુંબઈ હુમલા સમયે આપણી સરકારની લાચારી આખા વિશ્વએ જોઈ હતી. સૌભાગ્યથી આજે દેશ જવાબી આક્રમણમાં સક્ષમ થઈ ગયો છે. તેમ છતાં પણ ભારતે સાવધાન રહેવું પડશે, કારણ કે આ ચૂંટણી વર્ષમાં ચીન વિભાજનકારી શક્તિઓ સાથે મળીને ભારત વિરુદ્ધ કોઈ નવી હરકત કરી શકે છે. એ સ્પષ્ટ છે કે તેમાં પાકિસ્તાન તેની મદદ કરશે. આપણી સમસ્યા વિભાજનકારી અને આતંકી એજન્ડાના રાજકીય સંરક્ષણની છે. આપણે એની અવગણના ન કરી શકીએ કે કોંગ્રેસે પેલેસ્ટાઈનના પક્ષમાં પ્રસ્તાવ પસાર કરતી વખતે ઈઝરાયલ પર હમાસના હુમલાનો ઉલ્લેખ કરવો પણ જરૂરી ન માન્યું. તેનાથી વિપરીત વડાપ્રધાન મોદીએ હમાસના આતંકી હુમલાની ટીકા કરતાં કહ્યું કે ભારત સંકટ સમયે ઈઝરાયલ સાથે છે. તેની સાથે જ વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે તે બે દેશોની ફોર્મ્યૂલાનું સમર્થક છે.

સાંપ્રદાયિક વિભાજનમાં સનાતન ધર્મને લ-ય બનાવનારા પક્ષો હમાસની ટીકા કરવાનું સાહસ નથી કરી શકતા, કારણ કે ચૂંટણી નજીક આવી રહી છે. એ વિચિત્ર છે કે પેલેસ્ટાઈનના પક્ષમાં અવાજ ઉઠાવનારા હમાસ વિરુદ્ધ કશું નથી બોલી રહ્યા. બિહારની જાતિગત ગણના હિંદુ સમાજના જાતીય વિભાજનનું બીજારોપણ કરવાની સાથે અલ્પસંખ્યક સમાજને સૌથી મોટા સમૂહ રૂપે જાહેર કરી ચૂકી છે. ગેરકાયદે રૂપે મોટી સંખ્યામાં આવીને વસેલા બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યાઓની સંખ્યા કેટલી છે, એના પર આ ગણના મૌન છે! શું સરકારે વિકાસ યોજનાઓની દૃષ્ટિએ એ જાણવું જરૂરી નથી કે કેટલા ગેરકાયદે નાગરિકો બિહારની અલ્પસંખ્યક આબાદીમાં સામેલ છે? આપણે ભૂલી ન શકીએ કે દિલ્હીમાં થયેલા રમખાણોમાં ગેરકાયદે બાંગ્લાદેશી-રોહિંગ્યાઓની પણ ભૂમિકા હતી. પીએફઆઈ જેવા પ્રતિબંધિત સંગઠનનું ૨૦૪૭ સુધી ભારતના ઈસ્લામીકરણનું જેહાદી લ-ય હમાસના એજન્ડાથી અલગ નથી. સત્તાનું રાજકારણ સાધી રહેલા આપણા અનેક નેતા આ બધાથી નિર્વિકાર પોતાના જાતીય અને સાંપ્રદાયિક એજન્ડામાં વ્યસ્ત છે.

મ્યાંમારમાં હવે માત્ર છ લાખ રોહિંગ્યા રહ્યા છે. એક મોટી સંખ્યામાં રોહિંગ્યા બાંગ્લાદેશમાં છે અને બાકીને એકમાત્ર શરણદાતા ભારત દેખાયું. વિભાજનકારી શક્તિઓના સમર્થનથી તેઓ જમ્મુ સુધી જઈને વસી ગયા. બાકી રોહિંગ્યા ભારતીય જનસમુદ્રમાં ક્યાં ખોવાઈ ગયા તેની કોઈને કશી ખબર નથી. ભારતની સીમાઓ પર વસેલા ગેરકાયદે બાંગ્લાદેશી ગમે ત્યારે જેહાદી સંગઠનોને કામ આવી શકે છે. દેશમાં લગભગ ૬૦ જિલ્લા એવા છે, જે સાંપ્રદાયિક રૂપે અતિ સંવેદનશીલ છે. તેમાં મોટાભાગના સીમા પર આવેલા છે. જ્યાં આબાદીનો બદલાતો અનુપાત ખતરાની ઘંટડી છે. ઈસ્લામિક સ્ટેટ અને અલકાયદાના ભારતીય મોડ્યૂલની જેમ હમાસની પણ કોઈ ભારતીય શાખા અસ્તિત્વમાં આવી જાય તો આશ્ચર્ય નહીં થાય. યાદ રહે કે ભારત વિરોધી પાકિસ્તાનને તુર્કીનો પણ સાથ મળી ગયો છે. એવામાં એનઆરસી એટલે કે રાષ્ટ્રીય નાગરિકતા રજિસ્ટર દ્વારા ઘૂસણખોરોને ચિહ્નિત કરવાની તાતી જરૂર છે. જનગણના દ્વારા પ્રત્યેક ગામ, તાલુકા, નગર, મહાનગર અને પ્રદેશને જાણવા જોઈએ કે કેટલા ઘૂસણખોરો આપણી સીમામાં આવી ગયા છે. તેમની ઓળખ તો થઈ જ જવી જોઈએ. જ્યાં પણ તેમને નકલી રાશનકાર્ડ, આધાર કાર્ડ અને વોટર કાર્ડ બનાવી લીધું છે, તેને રદ્દ કરવા જોઈએ. જનસાંખ્યિકીમાં બદલાવ અને અસંતુલનને કારણે અન્ય રાજ્યોમાં કાશ્મીર જેવી સ્થિતિઓનો સામનો ન કરવો પડે, તેના માટે કેન્દ્ર સરકારના બંધારણીય ક્ષેત્રમાં વિસ્તાર જરૂરી છે. આપણે કલમ ૩૫૬ની ગમે તેટલી ટીકા કરીએ, પરંતુ રાષ્ટ્રદ્રોહી રાજનીતિને નિયંત્રિત કરવામાં તેની ભૂમિકાનો ઈનકાર ન કરી શકાય. ચીન અને પાકિસ્તાન જેવી શક્તિઓ મજહબી અને વામપંથી માનસિકતાની સાથે છે. જો આપણે આ વિભાજનકારી તત્ત્વો અને ઘૂસણખોરો મુદ્દે જાગીશું નહીં તો બહુ મોડું થઈ જશે.

# ૧. ૧ હજારથી વધુ CNG સ્ટેશન સાથે ગુજરાત દેશમાં ટોચ પર

અમદાવાદ, તા.૭
વર્ષ ૨૦૭૦ સુધીમાં દેશના કાર્બન ઉત્સર્જનને નેટ ઝીરો કરવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને સાર્થક કરવાની દિશામાં ગુજરાતની એક સક્રિય ભાગીદારી રહી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં પર્યાવરણને અનુકૂળ નીતિઓ દ્વારા આર્થિક વિકાસ તરફ રાજ્ય અગ્રેસર છે. પરિણામે, ગુજરાત પ્રદૂષણ મુક્ત થવાની દિશામાં આગળ વધી રહ્યું છે. આજે, CNG સ્ટેશનની સંખ્યામાં ગુજરાત સમગ્ર દેશમાં ટૉપ પર પહોંચી ગયું છે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ દ્વારા રજૂ કરાયેલા આંકડા અનુસાર જુલાઈ ૨૦૨૩ સુધીમાં, ગુજરાતમાં ૧૦૦૨ CNG સ્ટેશન છે, જેનું નેટવર્ક રાજ્યના ૩૩ જિલ્લાઓને આવરી લે છે.

CNG સ્ટેશનની સંખ્યામાં ગુજરાત બાદ ઉત્તરપ્રદેશ (૮૧૯), મહારાષ્ટ્ર (૭૭૮), રાષ્ટ્રીય રાજધાની દિલ્હી ક્ષેત્ર (કેન્દ્રશાસિત પ્રદેશ -૪૮૦) અને હરિયાણા (૩૪૯) છે. જુલાઈ ૨૦૨૩ સુધીમાં ભારતના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કુલ ૫૮૯૯ સ્ટેશન છે, જેમાંથી ૧૭ ટકા જેટલા ગુજરાતમાં છે. આ તમામ આંકડા પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ (PNGRB) દ્વારા અપડેટ કરવામાં આવ્યા છે.

PNGRBએ અપડેટ કરેલા આંકડા અનુસાર, જુલાઈ ૨૦૨૩ સુધીમાં ભારતમાં કુલ ૧,૧૪,૪૬,૬૪૬ ઘરગથ્થુ પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) કનેક્શન છે, જેમાંથી ગુજરાતની સંખ્યા ૩૦,૭૮,૧૬૨ છે. તે સિવાય રાજ્યમાં ૨૨,૭૨૨ વ્યવસાસિક અને ૫૭૩૩ ઔદ્યોગિક કનેક્શન છે.

ઉલ્લેખનીય છે કે PNGRB દ્વારા કંપનીઓને દેશમાં અમુક ભૌગોલિક વિસ્તારો CNG સ્ટેશન બનાવવા માટે ફાળવવામાં આવે છે. એટલે ઘણી વખત ફાળવેલ વિસ્તારો બે રાજ્યોની સરહદની આસપાસમાં હોવાથી, યાદીમાં તે વિસ્તારનો બે રાજ્યો સાથે ઉલ્લેખ કરવામાં આવે છે.

### ધો. ૧૨ બોર્ડની પરીક્ષાનાં ફોર્મ ભરવાની તારીખ જાહેર

# ૧૫ ડિસેમ્બર સુધી વિદ્યાર્થીઓ ફોર્મ ભરી શકશે

ગાંધીનગર, તા.૭
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૪ માં પરીક્ષા ફોર્મ ભરવાની તારીખો જાહેર કરી દેવામાં આવી છે. ત્યારે ધો. ૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ. બુનિયાદી પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમાંની પરીક્ષાનાં ફોર્મ રેગ્યુલર ફી સાથે તા. ૬.૧૧.૨૦૨૩ થી તા. ૧૫.૧૨.૨૦૨૩ નાં રોજ બોર્ડની વેબસાઈટ પરથી ભરી શકાશે. તેમજ ધો. ૧૨ નાં તમામ પ્રવાહનાં એટલે કે રેગ્યુલર, રીપીટર વિદ્યાર્થીઓનાં આવેદનપત્રો ફરજીયાત ઓનલાઈન ભરવાનાં રહેશે. શિક્ષણ બોર્ડ દ્વારા કરવામાં આવેલા ફીમાં વધારા વિશે વિગતવાર વાત કરીએ તો ધોરણ ૧૦ની ફી ૩૫૫ રૂપિયાથી વધારીને ૩૯૯ રૂપિયા કરવામાં આવી છે. ધોરણ ૧૦માં કુલ ૧૩ કેટેગરી આવેલી છે. કેટેગરી વાઈઝ લઘુત્તમ રૂ.૧૫થી ૪૦ સુધીનો વધારો કરાયો છે. જ્યારે ધોરણ ૧૨ સાયન્સમાં નિયમિત ફી રૂ.૬૫૫થી વધારી રૂ.૬૬૫ કરાઈ છે. તો ધોરણ ૧૨ કોમર્સમાં નિયમિત ફી રૂ.૪૯૦થી વધારીને રૂ.૫૪૦ કરાઈ છે. ધોરણ ૧૦અને ૧૨ની પરીક્ષા ૧૧ માર્ચથી થશે શરૂ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડાન સચિવ એન.જી વ્યાસ દ્વારા જાહેર કરવામાં આવેલ અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે. ધોરણ ૧૦, સંસ્કૃત પ્રથમા અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, સંસ્કૃત માધ્યમના ઉમેદવારોની માર્ચ-૨૦૨૪ની પરીક્ષા તારીખ ૧૧/૦૩/૨૦૨૪થી તારીખ ૨૬/૦૩/૨૦૨૩ દરમિયાન લેવામાં આવશે. નવી શિક્ષણ નીતિ મુજબ લેવાશે પરીક્ષાહવે રાજ્યમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષામાં હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ વધારાયું છે, વર્ણનાત્મક પ્રશ્નોમાં પણ આંતરિક વિકલ્પને બદલે તમામ પ્રશ્નોમાં જનરલ વિકલ્પ અપાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે જાહેર કરેલી નેશનલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ અન્વયે આ નિર્ણયો મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં કરવામાં આવ્યા હતા.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ઈમાનદારીથી કમાયેલું ધન મનુષ્યની સાત્વિક બુધ્ધિનો વિકાસ કરે છે.

- ઋગ્વેદ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ખોરદાદ-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, આસો વદ-૧૦ દશમની વૃધ્ધિ છે તા.૭ નવેમ્બર ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૨૪, મુસ્લિમ તા.૨૨, મઘા નક્ષત્ર, બ્રહ્મ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૭:૦૦, સૂ.અ.૬:૦૯
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: નવું સાહસ ટાળવું હિતાવહ. કાર્યબોજ વિશેષ રહે.
વૃષભ:અગત્યના કાર્યમાં સફળતા મળે. વડીલવર્ગથી લાભ રહે.
મિથુન:વાણીસંયમ જાળવવો હિતાવહ. નાનો પ્રવાસ થાય.
કર્ક: જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું.જીવનસાથીથી સંઘર્ષ ટાળવો.
સિંહ: યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. નાણાંભીડ દૂર થાય.
કન્યા: અણધાર્યો ધન લાભ થાય. શત્રુ નમતા આવે.
તુલા: ખોટા ખર્ચના ભોગ ન બની જવાય તેની તકેદારી રાખજો. ગૃહવિવાદ ટાળવો.
વૃશ્ચિક:માનસિક વ્યથા અનુભવાય. લાભની તક હાથમાંથી સરી જાય.
ધન: પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને. ક્રોધ ટાળવો હિતાવહ.
મકર: માંગલિક કાર્યમાં સફળતા મળે. વિરોધીઓને પીછેહટ કરવી પડે.
કુંભ: આરોગ્ય અંગે સંભાળવું. મનની મુરાદ બર ન આવે.
મીન: અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય. ખર્ચનો પ્રસંગ બને.

## સુરેન્દ્રનગરમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના કાફલાને અકસ્માત નડ્યો

સુરેન્દ્રનગર, તા.૭
સુરેન્દ્રનગર વિસ્તારમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના કાફલાને અકસ્માત નડ્યો હોવાની ઘટના સામે આવી છે. વિગતો મુજબ હાઈવે પરથી પસાર થઈ રહેલા પૂર્વ CM રૂપાણીના કાફલામાં સવાર પોલીસની પાયલોટિંગ કાર એક બાઈક સાથે અથડાતાં આ અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં એક વ્યક્તિને પગમાં ઈજા પહોંચી હતી. જેને લઈ વિજય રૂપાણીએ ઈજાગ્રસ્ત વ્યક્તિની સારવાર માટેની વ્યવસ્થા કરી તેમને સારવાર માટે મોકલી આપ્યા હતા.

### ગુ. માધ્ય. અને ઉ. માધ્ય. બોર્ડના નવા ચેરમેનની નિમણૂંક

# બંછાનિધિ પાની બન્યા શિક્ષણ બોર્ડનાં નવા ચેરમેન

## એ.જે શાહે રાજીનામું આપતા સોંપવામાં આવ્યો વધારાનો ચાર્જ

ગાંધીનગર, તા.૭
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન એ.જે શાહે અચાનક રાજીનામું ધરી દેતા અનેક તર્ક-વિતર્ક શરૂ થયા છે. રાજ્ય સરકાર દ્વારા એ.જે શાહનું રાજીનામું સ્વીકારી લીધું છે. ત્યારે આજે ગુજરાત માધ્યમિક. અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડનાં નવા ચેરમેન પદે બંછાનિધિ પાનીની નિમણૂંક કરવામાં આવી છે.

નિવૃત્ત IAS અધિકારી એ.જે. શાહ શિક્ષણ બોર્ડના ચેરમેન તરીકે છેલ્લા કેટલાય વર્ષોથી ફરજ બજાવી રહ્યા છે અને ચોખ્ખી છાપ ધરાવે છે.

એ.જે શાહ ૨૦૧૬-૧૭માં ઉચ્ચ શિક્ષણ કમિશનર તરીકે ફરજ બજાવતા હતા અને તેમની પાસે શિક્ષણ બોર્ડનો ચાર્જ પણ હતો. જે બાદ તેઓ નિવૃત્ત થયા હતા. નિવૃત્તિ બાદ પણ તેમને એક્સટેન્શન આપીને બોર્ડના ચેરમેન તરીકે ચાલુ રાખવામાં આવ્યા હતા.

તેમને પાંચમું એક્સટેન્શન મળ્યા બાદ તેમણે અચાનક રાજીનામું ધરી દેતા શિક્ષણ આલમમાં ભારે ચર્ચા ઉઠી છે. એ.જે શાહ લાંબા સમય સુધી બોર્ડના ચેરમેન રહ્યા બાદ પાંચમું એક્સટેન્શન પૂર્ણ થાય તે પહેલા જ તેમણે અચાનક રાજીનામું આપી દેતા અનેક તર્ક-વિતર્ક શરૂ થયા છે.

# મુન્દ્રામાં ખાનગી શિપિંગ યાર્ડમાં આગ લાગી

કચ્છ, તા.૭
મુન્દ્રાના પ્રાગપરો ચોકડી પાસે આવેલ ખાનગી શિપિંગ યાર્ડમાં ખુલ્લામાં પડેલા ૫ જેટલા કન્ટેનરમાં આગ આગ લાગી હતી. આગની જાણ ફાયર વિભાગને કરાતા ફાયરની ટીમે તાત્કિલાક ઘટનાસ્થળ પર પહોંચી આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. કલાકોની જહેમત બાદ આગ પર કાબૂ મેળવાયો હતો.

કચ્છમાં મુન્દ્રાના પ્રાગપરો ચોકડી પાસે ખાનગી શીપીંગ યાર્ડમાં આગ લાગી હોવાની ઘટના સામે આવી છે. ખુલ્લામાં પડેલા ૫ જેટલા કન્ટેનરમાં આગ લાગી હતી.

કન્ટેનરમાં હાઈડ્રોજન પેરોક્સાઈડ પ્લાસ્ટીક ડ્રમ હતા. ત્યારે ભારે જહેમત બાદ ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવ્યો છે.

મળતી માહિતી અનુસાર, મુન્દ્રાના પ્રાગપરો ચોકડી પાસે આવેલ ખાનગી શિપિંગ યાર્ડમાં ખુલ્લામાં પડેલા ૫ જેટલા કન્ટેનરમાં આગ આગ લાગી હતી. આગની જાણ ફાયર વિભાગને કરાતા ફાયરની ટીમે તાત્કિલાક ઘટનાસ્થળ પર પહોંચી આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. કલાકોની જહેમત બાદ આગ પર કાબૂ મેળવાયો હતો.

# અનિંદ્રાથી પીડાતા લોકો માટે હાર્ટએટેક આવવાનું જોખમ ૩૨ ટકા વધુ

અમદાવાદ,તા.૭
હૃદયરોગના જોખમના પરિબળો ઉપરના વિશ્વવ્યાપી સંશોધનમાં અપૂરતી ઉંઘને હૃદયરોગના હુમલાના જોખમના નોંધપાત્ર પરિમાણ તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. કાર્ડિયોલોજિસ્ટ ડો. અભિષેક ત્રિપાઠી સિનિયર કન્સલ્ટન્ટ, ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજી, ઝાયડસ હોસ્પિટલ, અમદાવાદ, દ્વારા જાહેર પ્રતિભાવ આધારિત અભ્યાસનું વિશ્લેષણ, અભ્યાસની વસ્તીના ૩૮ ટકા લોકોમાં દૈનિક ઉંઘનો સમય ૬ કલાક કે તેથી ઓછો નોંધે છે. અમેરિકન કોલેજ ઓફ કાર્ડિયોલોજીના જર્નલમાં પ્રકાશિત થયેલા એક મોટા અભ્યાસ (૪૬૧,૩૪૭ પુરુષો અને સ્ત્રીઓ) અનુસાર, છ કલાકથી ઓછી અથવા નવ કરતા વધુ ઉંઘ લેનારા લોકોને હાર્ટ એટેક આવવાનું જોખમ ૩૨ ટકા વધારે હતું. ૫-૬ કલાક અને ઓછા ઉંઘના સમયની અધ્યયન વસ્તીમાં હૃદયરોગનો વ્યાપ ૩૭.૫ ટકા જોવા મળ્યો હતો, અને ૭થી વધુ કલાકના દૈનિક ઉંઘના સમયના સબ્જેકટ ગ્રુપમાં તે ૧૮.૫૧ ટકા હતો. ડાયાબિટીસ, હાયપરટેન્શન અને ધૂમ્રપાન જેવા મુખ્ય જોખમી પરિબળોને ધ્યાનમાં લીધા પછી તે નોંધવામાં આવ્યું હતું. ડો. અભિષેક ત્રિપાઠીએ જણાવ્યું હતું કે ગુણવત્તા અને અપૂરતી ઉંઘની કેટલીક વ્યકિતઓ ઉપર ઘણી આડઅસર કરે છે અને કમનસીબે આજના સમયમાં ઘણા લોકો તેનાથી પીડાય પણ રહ્યા છે.

# 'સંડોવણીના પુરાવા ક્યાં છે ?' ભારતના ટોચના રાજદૂતે કહ્યું કે કેનેડાએ ખાલિસ્તાની આતંકવાદીની હત્યાની તપાસને કલંકિત કરી છે

નવી દિલ્હી, તા.૭

કેનેડામાં ભારતના હાઈ કમિશ્નર સંજય કુમાર વર્માએ ઓટાવાને તેના એવા આરોપોને સમર્થન આપતા પુરાવા પ્રદાન કરવા વિનંતી કરી છે કે નવી દિલ્હી ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજજરની હત્યામાં સામેલ છે. વર્માએ કેનેડાના ગ્લોબ એન્ડ મેલ અખબારને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે કેનેડાની હત્યાની તપાસ પહેલાથી જ ઉચ્ચ સ્તરીય કેનેડિયન અધિકારીના આ મામલે જાહેર નિવેદનોથી કલંકિત થઈ ગઈ છે. તેમણે કહ્યું કે, પુરાવા ક્યાં છે? તપાસનો નિષ્કર્ષ ક્યાં છે? અને હવે કહીશ કે તપાસ પહેલાથી જ કલંકિત થઈ ગઈ છે. જૂનમાં કેનેડાના સરે શહેરમાં નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની "સંભવિત" સંડોવણી અંગે સપ્ટેમ્બરમાં વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોના આક્ષેપો પછી ભારત અને કેનેડા વચ્ચેના સંબંધોને ભારે ફટકો પડ્યો હતો. ભારતે ૨૦૨૦માં નિજ્જરને આતંકવાદી તરીકે જાહેર કર્યો હતો. ભારતે આ આરોપોને "વાહિયાત" અને "પ્રેરિત" ગણાવીને નકારી કાઢ્યા હતા. વર્માએ કહ્યું કે મજબૂત આરોપો હોવા છતાં, કેનેડાએ આ કેસમાં તપાસમાં મદદ કરવા માટે ભારતને કોઈ ચોક્કસ અથવા સંબંધિત માહિતી પ્રદાન કરી નથી. તેમણે શનિવારે કોઈનું નામ લીધા વિના કહ્યું હતું કે, ઉચ્ચ સ્તરેથી કોઈ નિર્દેશ આવ્યો છે કે ભારત અથવા ભારતીય એજન્ટો તેની પાછળ છે. ભારતીય રાજદૂતે કેનેડાના આરોપોને ભારપૂર્વક નકારી કાઢ્યા હતા અને કહ્યું હતું કે ભારતે લોકોના પ્રત્યાર્પણ માટે છેલ્લા પાંચ-છ વર્ષમાં ઓટ્ટાવાને ૨૬ વિનંતીઓ કરી હતી, પરંતુ કેનેડાએ કોઈ કાર્યવાહી કરી ન હતી. તેમણે તેમની અને કેનેડામાં કાર્યરત અન્ય કેટલાક ભારતીય રાજદ્વારી કર્મચારીઓના સુરક્ષા જોખમો વિશે પણ ખુલાસો કર્યો હતો. વર્માએ જણાવ્યું હતું કે તેમને ધમકીઓના કારણે રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (RCMP) સુરક્ષા આપવામાં આવી છે. વર્માએ કહ્યું કે, મને લાગે છે કે તે દ્વેષપૂર્ણ ભાષણ અને હિંસા માટે ઉશ્કેરણી છે. હું મારી સલામતી અને અન્યની સલામતી વિશે ચિંતિત છું. હું મારા કોન્સ્યુલ જનરલોની સલામતી અને સુરક્ષા વિશે ચિંતિત છું. રાજદ્વારી સંબંધો સુધારવા માટે નવી દિલ્હી માટે શું જરૂરી છે તે અંગે પૂછવામાં આવતા, ભારતીય રાજદૂતે કહ્યું




કે બંને પક્ષોએ ખાતરી કરવાની જરૂર છે કે કોઈપણ વિવાદો વ્યાવસાયિક સંચાર અને વ્યાવસાયિક સંવાદ દ્વારા ઉકેલવામાં આવવા જોઈએ. જો કે, તેમણે ઉમેર્યું હતું કે ભારત અપેક્ષા રાખે છે કે કેનેડા "ખાલિસ્તાન સમર્થકો ઉપર લગામ લગાવે." ઉલ્લેખનીય છે કે, વિદેશ મંત્રી એસ જયશંકરે શનિવારે કહ્યું હતું કે ભારત અને કેનેડા વચ્ચેના રાજદ્વારી વિવાદને સંબોધવા માટે "મુત્સદીગીરી માટે જગ્યા" છે. તેમણે કહ્યું હતું કે બંને પક્ષો સંપર્કમાં છે અને આશા વ્યક્ત કરી છે કે વિવાદને ઉકેલવા માટે કોઈ રસ્તો શોધી કાઢવામાં આવશે. તે જ સમયે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે "સાર્વભૌમત્વ અને સંવેદનશીલતા" એક-માર્ગી શેરીઓ હોઈ શકે નહીં.

# જ્યારે રતન ટાટાએ રૂા.૨૨ કરોડની ટાટા નેનો કારનું અનાવરણ કર્યું, જે ટાટા મોટર્સની અત્યાર સુધીની સૌથી મોંઘી કાર છે

(એજન્સી) તા.૭




રતન ટાટાની ડ્રીમ કાર ટાટા નેનો ભારતમાં લોન્ચ થયેલી અત્યાર સુધીની સૌથી સસ્તી કાર છે. ટાટા નેનોને ટાટા મોટર્સ દ્વારા એક મધ્યમ વર્ગના ભારતીય પરિવારના કાર ખરીદવાના સપનાને પૂરા કરવા માટે આટલા પોસાય તેવા ભાવે લોન્ચ કરવામાં આવી હતી. રતન ટાટાની જેમ ટાટા નેનો પણ તેના લોન્ચ પછી ટાટા મોટર્સની ઓળખ બની હતી અને તકનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા માટે કંપની દ્વારા રૂા.૨૨ કરોડની ટાટા નેનોનું અનાવરણ કરવામાં આવ્યું હતું. અત્યંત ખર્ચાળ અને સંપૂર્ણ કાર્યકારી અનન્ય ટાટા નેનો કાર વેચાણ માટે નહોતી અને તેનો ઉપયોગ માત્ર ટાટા ગ્રૂપના એક ભાગ ગોલ્ડપ્લસ જ્વેલરી દ્વારા પ્રમોશનલ પહેલ તરીકે કરવામાં આવ્યો હતો. ૨૨ કરોડની ગોલ્ડપ્લસ ટાટા નેનોનું અનાવરણ પોતે રતન ટાટાએ કર્યું હતું. નામ સૂચવે છે તેમ ગોલ્ડ પ્લસ ટાટા નેનો સોના અને ચાંદીની બનેલી હતી અને કિંમતી પથ્થરોથી જડેલી હતી. અત્યંત મોંઘી ટાટા નેનોને વિશ્વની પ્રથમ સોનાની આભૂષણવાળી કાર તરીકે રજૂ કરવામાં આવી હતી. કારની બોડી ૮૦ કિલો, ૨૨ કેરેટ સોલિડ ગોલ્ડ અને ૧૫ કિલો ચાંદીથી બનેલી હતી. તેમાં હીરા અને માણેક સહિત અનેક કિંમતી પથ્થરો પણ હતા. ટાટા મોટર્સ ટૂંક સમયમાં ટાટા નેનોને ઈલેક્ટ્રિક અવતારમાં પરત લાવી શકે છે. અહેવાલો સૂચવે છે કે કંપની ઈવી ડ્રાઈવટ્રેનને અમલમાં મૂકવા માટે ટાટા નેનોના ઠઉ પ્લેટફોર્મનો ઉપયોગ કરી શકે છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં ટાટા મોટર્સે ભારતમાં ઈલેક્ટ્રિક કારની શ્રેણી લૉન્ચ કરી છે અને ભારતમાં કોમ્પેક્ટ ઈવીની વધતી જતી લોકપ્રિયતા સાથે ટાટા નેનો ઈવી ગેમ ચેન્જર બનવાની અપેક્ષા રાખી શકાય છે.

# રાજ્યમાં ઠંડી માટે હજુ વધુ રાહ જોવી પડશે ડિસેમ્બરના છેલ્લા સપ્તાહમાં જામશે ઠંડી !

## હજુ બપોરે ગરમીનો રહેશે અહેસાસ : ડબલ સિઝન ચાલુ રહેતા માંદગીના કેસોમાં વધારો

અમદાવાદ, તા.૭

રાજ્યમાં આગામી ૫ દિવસ વાતાવરણ સૂકું રહેવાની આગાહી છે. તેમજ રાજ્યમાં તાપમાન યથાવત રહેશે તેમ હવામાન વિભાગે જણાવ્યું છે. તથા રાત્રે-સાંજે ઠંડી લાગશે તેમજ બપોરે ગરમીનો અહેસાસ થશે. ડિસેમ્બરના અંતમાં કડકડતી ઠંડી પડી શકે તેવી આગાહી કરવામાં આવી છે. એટલે કે નવેમ્બરમાં નોર્મલ ઠંડી અનુભવાશે. જેમાં દિવસ દરમ્યાન ૩૫-૩૭ ડિગ્રી તાપમાન રહેવાની વકી છે. રાજ્યમાં એકંદરે રાત્રે તાપમાન ૨૦થી ૨૧ ડિગ્રી આસપાસ રહેશે. રાજ્યના કેટલાક ભાગોમાં ૧૮ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. લઘુત્તમ-મહત્તમ તાપમાનમાં ૧ ડિગ્રીની વધઘટ શક્ય છે. ગુજરાતમાં ડિસેમ્બર અંતમાં ખરી ઠંડી અનુભવાશે. નવેમ્બર અંતમાં નોર્મલ ઠંડી વર્તાઈ શકે છે. વહેલી સવારે અને મોડી રાતે સામાન્ય ઠંડીનો અનુભવ થાય છે. જ્યારે સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી આકરી ગરમીનો અનુભવ થાય છે. આવી ડબલ સિઝનને કારણે સંખ્યાબંધ લોકોને ખાંસી-ઉધરસ, કફ અને શરદીની તકલીફ થતી જોવા મળી રહી છે. હવામાન અંગે શિયાળાને લઈ મોટી આગાહી કરાઈ છે. તેમણે જણાવ્યું છે કે, નવેમ્બર અને ડિસેમ્બરની શરૂઆતમાં શિયાળો હુંફાળો રહેશે. આ વર્ષે શિયાળો અલ નિનોના કારણે થોડો મોડો શરૂ થશે. આગામી ૮ નવેમ્બર સુધી ભારે પશ્ચિમ વિક્ષેપ આવશે. ઉત્તર ભારતના પર્વતીય વિસ્તારોથી લઈ પૂર્વ ગુજરાત સુધી હવામાનમાં તેની અસર દેખાશે. દરમ્યાન બંગાળના ઉપસાગરમાં લો પ્રેશર, અને અરબ સાગરમાં ડિપ્રેશન બનશે. તારીખ ૧૪ નવેમ્બરથી ૨૪ નવેમ્બર વચ્ચે ચક્રવાત બંગાળના ઉપસાગરમાં મજબૂત બનશે. આ ચક્રવાત દક્ષિણ પૂર્વ ભારતીય તટો ઉપર ભારે પવન સાથે વરસાદ લાવશે. આ ચક્રવાતને લઈ ગુજરાતના વાતાવરણમાં પણ પલ્ટો આવશે. આ સાથે હવામાન વિભાગે એમ પણ જણાવ્યુ છે કે, સૌરાષ્ટ્ર, કચ્છ, દિવ, દમણ, દાદરાનગર હવેલી તથા ગુજરાતના બાકી વિસ્તારોમાં હવામાન ડ્રાય રહેશે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. મનોરમા મોહંતીએ આપેલી આગાહી પ્રમાણે, આગામી પાંચ દિવસમાં ગુજરાતના કોઈપણ વિસ્તારમાં વરસાદની કોઇ સંભાવના નથી. રાજ્યમાં મોટાભાગે વાતાવરણ સુકૂં રહેવાની શક્યતા છે. રાજ્યમાં મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રીની આસપાસ હવામાન રહેવાની સંભાવના છે. આ સાથે દરિયાકાંઠાના વિસ્તારોમાં ૩૨થી ૩૫ ડિગ્રી હવામાન રહેવાની સંભાવના છે. તો લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રીની આસપાસ રહેવાની સંભાવના છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં વધારે ફેરફાર થવાની શક્યતા નથી. આ સાથે તેમણે એમ પણ જણાવ્યુ કે, બે ત્રણ દિવસમાં એકાદ ડિગ્રીની આસપાસ તાપમાન ઘટવાની આગાહી છે. આ સાથે તેમણે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અંગે જણાવતા કહ્યુ કે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ હજી ગુજરાતથી ઘણું દૂર છે. તેની ગુજરાત ઉપર અસર વધારે થવાની સંભાવના નથી.


# 'મહાદેવનું નામ પણ બાકાત રાખ્યું નથી' : સટ્ટાબાજી એપ વિવાદમાં કોંગ્રેસ ઉપર વડાપ્રધાનના પ્રહાર



નવી દિલ્હી, તા. ૭

મુખ્યમંત્રી ભૂપેશ બઘેલને સંડોવતા સટ્ટાબાજીની એપ વિવાદ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પક્ષ ઉપર પ્રહારો કર્યા હતા. ચુંટણીવાળા છત્તીસગઢ રાજ્યમાં એક રેલીને સંબોધતા પીએમ મોદીએ કોંગ્રેસ પર આરોપ લગાવ્યો કે, તે છત્તીસગઢમાં તેના ચૂંટણી પ્રચાર માટે ગેરકાયદેસર સટ્ટાબાજીના સંચાલકો દ્વારા લાવવામાં આવેલા હવાલાના નાણાંનો ઉપયોગ કરે છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે દાવો કર્યો હતો કે ફોરેન્સિક વિશ્લેષણ અને 'કેશ કુરિયર' દ્વારા કરવામાં આવેલા નિવેદનને કારણે "ચોંકાવનારા આક્ષેપો" થયા છે કે મહાદેવ સટ્ટાબાજીની એપ્લિકેશનના પ્રમોટર્સે બઘેલને લગભગ ૫૦૮ કરોડ રૂપિયા ચૂકવ્યા છે તે પછી આ નવો ઘટનાક્રમ સર્જાયો છે. તપાસ એજન્સીએ એમ પણ કહ્યું કે, "આ તપાસનો વિષય છે." પીએમ મોદીએ દુર્ગમાં કહ્યું કે, "ભાજપનો આ ટ્રેક રેકોર્ડ છે કે અમે જે કહીએ છીએ તે કરીએ છીએ. છત્તીસગઢની રચના ભાજપ દ્વારા કરવામાં આવી હતી અને હું તમને ખાતરી આપું છું કે ભાજપ છત્તીસગઢને આકાર આપશે. પરંતુ કોંગ્રેસ પાર્ટીનો 'સંકલ્પ પત્ર' 'જૂઠ કા પુલિંદા' ભાજપની સામે ઉભો છે. કોંગ્રેસ પાર્ટીની પ્રાથમિકતા ભ્રષ્ટાચાર દ્વારા તેની તિજોરી ભરવાની છે." પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, "કોંગ્રેસ પાર્ટીની છત્તીસગઢ સરકાર તમને લૂંટવાની કોઈ તક છોડતી નથી. તેઓએ 'મહાદેવ'નું નામ પણ છોડ્યું નથી.' બે દિવસ પહેલા રાયપુરમાં એક મોટું ઓપરેશન થયું હતું. ચલણી નોટોનો મોટો જથ્થો મળી આવ્યો હતો. લોકો કહે છે કે, આ પૈસા જુગારીઓ અને સટ્ટાબાજીના છે." વડાપ્રધાને કહ્યું કે, "કોંગ્રેસના નેતાઓ આ લૂંટેલા પૈસાથી તેમના ઘરો ભરી રહ્યા છે. તમે મીડિયા રિપોર્ટ્સમાં જોઈ શકો છો કે તેની લિંક કોની સાથે છે. રાજ્ય સરકાર અને મુખ્યમંત્રીએ છત્તીસગઢના લોકોને જણાવવું જોઈએ કે તેઓ દુબઈમાં બેઠેલા લોકો સાથે શું સંબંધો ધરાવે છે. આ કૌભાંડનો આરોપ છે. નાણાં જપ્ત કર્યા પછી, બઘેલ આશ્ચર્યચકિત છે અને મેદાનમાં આવી ગયા છે." પીએમ મોદીએ કહ્યું કે, "કોંગ્રેસ દિવસ-રાત મોદીને ગાળો આપે છે. પરંતુ મુખ્યમંત્રીએ હવે દેશની તપાસ એજન્સીઓને પણ દુરૂપયોગ કરવાનું શરૂ કરી દીધું છે. પરંતુ હું છત્તીસગઢના લોકોને કહેવા માંગુ છું કે મોદી દુર્વ્યવહારથી ડરતા નથી. તમે ભ્રષ્ટાચારીઓને પહોંચી વળવા માટે મોદીને દિલ્હી મોકલ્યા હતા.'

# મુકેશ અંબાણીને જાનથી મારી નાખવાની ધમકી આપનારા બે યુવાઓની ધરપકડ




મુંબઈ તા. ૭

દેશના સૌથી મોટા ઉદ્યોગપતિ મુકેશ અંબાણીને જાનથી મારી નાખવાની ધમકી આપવા મામલે મોટું અપડેટ્સ સામે આવ્યું છે. માહિતી અનુસાર આ મામલે મુંબઈ પોલીસે કાર્યવાહી કરતાં ૨ લોકોની અલગ અલગ રાજ્યોમાંથી ધરપકડ કરી છે. તેલંગાણાના ૧૯ વર્ષીય એક યુવાનની આ મામલે ધરપકડ કરવામાં આવી છે જ્યારે બીજાની ગુજરાતથી ધરપકડ કરવામાં આવી છે જેની વય આશરે ૨૧ વર્ષ છે. ઉલ્લેખનીય છે કે ભારતના જાણીતા ઉદ્યોગપતિ મુકેશ અંબાણીને છેલ્લા થોડા દિવસથી ધમકીભર્યા ઈ-મેઈલ આવી રહ્યા હતા. આ કેસમાં ૧૯ વર્ષના આરોપીની પોલીસે ધરપકડ કરી લીધી છે. આ લબરમૂછિયાને તેલંગણાથી ઝડપી પાડવામાં આવ્યો છે. ૧૯ વર્ષના છોકરાની ઓળખ ગણેશ રમેશ વનપારધી તરીકે થઈ છે. આ લોકોએ કુલ ૫૦૦ કરોડ રૂપિયાની ખંડણીની માગ કરી હતી. પોલીસના જણાવ્યા પ્રમાણે ગણેશના ૮ નવેમ્બર સુધીના પોલીસ રિમાંડ મંજૂર થયા છે. ગણેશની ધરપકડની પુષ્ટિ કરતાં મુંબઈ પોલીસના સિનિયર ઓફિસરે મીડિયાને જણાવ્યું "ગત અઠવાડિયામાં મુકેશ અંબાણીને પાંચ ઈ-મેઈલ આવ્યા છે. જેમાં તેમની પાસે રૂપિયાની માગણી કરવામાં આવી હતી અને ન આપે તો મારી નાખવાની ધમકી અપાઈ હતી. દેખીતી રીતે જ આ કોઈ ટીનેજરોની હરકત લાગતી હતી. અમારી તપાસ ચાલુ છે અને અમે મૂળ સુધી પહોંચવાના પ્રયાસ કરી રહ્યા છીએ."જ્યારે અન્ય એક યુવકની ધરપકડ કરાઈ છે તે ગુજરાતથી ગ્રેજ્યુએટ યુવક છે. તે શાદાબ ખાન નામના મેઈલ ઉપર ધમકી મોકલી રહ્યો હતો. પોલીસે તેને પણ પકડી પાડ્યો છે. મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચ યુનિટે આ માહિતી આપી હતી.

# મહિલા અનામત કાયદાના એક ભાગને રદ કરવો 'ખૂબ મુશ્કેલ' છે : સુપ્રીમ

નવી દિલ્હી તા.૭

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, મહિલા અનામત કાયદાના એક ભાગને રદ કરવું તેના માટે ખૂબ મુશ્કેલ છે જેમાં કહેવામાં આવ્યું છે કે, આ આરક્ષણ વસ્તી ગણતરી પછી અમલમાં આવશે. જસ્ટિસ સંજીવ ખન્ના અને એસવીએન ભાટીની બેન્ચે નારી શક્તિ વંદન અધિનિયમ તરીકે ઓળખાતા ૧૨૮મા બંધારણ (સુધારા) બિલ આગામી વર્ષની સામાન્ય ચૂંટણી પહેલાં લોકસભા અને રાજ્યની વિધાનસભાઓમાં એક તૃતીયાંશ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવા માટે તાત્કાલિક અમલની માગણી કરતી કોંગ્રેસ નેતા જયા ઠાકુરની અરજી ઉપર નોટિસ આપવાનો ઈન્કાર કર્યો હતો. બેંચે કહ્યું કે, આ મુદ્દે સુપ્રીમ કોર્ટ સમક્ષ એક અરજી પેન્ડિંગ છે અને તે ઠાકુરની અરજી સાથે ૨૨ નવેમ્બરે હાથ ધરશે. આ ખૂબ જ સારૂં પગલું છે. તેણે ઠાકુર વતી કોર્ટમાં હાજર રહેલા વરિષ્ઠ વકીલ વિકાસસિંહની દલીલને સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. વકીલે કહ્યું હતું કે, તે સમજી શકાય તેવું છે કે, પછાત વર્ગોને અનામત આપવા માટે ડેટા એકત્ર કરવા માટે વસ્તી ગણતરી જરૂરી છે, પરંતુ આશ્ચર્ય છે કે, મહિલા અનામતના કિસ્સામાં વસ્તી ગણતરીનો પ્રશ્ન ક્યાં ઊભો થાય છે. સિંહે જણાવ્યું હતું કે, કાયદાનો આ ભાગ કહે છે કે, વસ્તી ગણતરી પછી તેનો અમલ કરવામાં આવશે તે મનસ્વી છે અને તેને રદ કરવો જોઈએ. ખંડપીઠે કહ્યું કે, તે કરવું કોર્ટ માટે ખૂબ મુશ્કેલ હશે. અમે તમારી દલીલ સમજી ગયા છીએ. તમે કહો છો કે મહિલા આરક્ષણ માટે વસ્તી ગણતરીની જરૂર નથી. પરંતુ તેમાં ઘણી બધી સમસ્યાઓ છે. આ સીટો પહેલા આરક્ષિત કરવી પડશે. કોર્ટે કહ્યું કે, તે અરજીને ફગાવી રહી નથી પરંતુ નોટિસ પણ જારી કરી રહી નથી અને તેને માત્ર અન્ય પેન્ડિંગ મામલા સાથે ટેગ કરી રહી છે. ૨૧ સપ્ટેમ્બરના રોજ મહિલાઓ માટે લોકસભા અને રાજ્યસભાઓમાં એક તૃતીયાંશ બેઠકો અનામત રાખવાના વોટરશેડ બિલને સંસદીય મંજૂરી મળી હતી અને રાજ્યસભાએ તેની તરફેણમાં સર્વસંમતિથી મતદાન કર્યું હતું. લોકસભામાં ગૃહમાં હાજર ૪૫૬ સાંસદોમાંથી બેએ નારી શક્તિ વંદન અધિનિયમની વિરુદ્ધમાં મતદાન કર્યું હતું, રાજ્યસભામાં હાજર તમામ ૨૧૪ ધારાસભ્યોએ તેની તરફેણમાં મતદાન કર્યું હતું. ૧૨૮મા બંધારણ (સુધારા) બિલને હવે રાજ્યની બહુમતી વિધાનસભાઓની મંજૂરીની જરૂર પડશે. તે વસ્તી ગણતરીના આધારે સંસદીય અને વિધાનસભા મતવિસ્તારોને ફરીથી દોરવા માટે સીમાંકન કવાયત્ પછી અમલમાં આવશે. સરકારે કહ્યું છે કે, તે આવતા વર્ષે કાર્યરત થશે. ૩૩ ટકા ક્વોટાની અંદર અન્ય પછાત વર્ગો (ઓબીસી)ને અનામત આપવા સહિતના ઘણા સુધારાઓ નકારવામાં આવ્યા બાદ આ બિલ પસાર કરવામાં આવ્યું હતું. લોકસભા અને રાજ્યની વિધાનસભાઓમાં મહિલાઓ માટેનું આરક્ષણ SCST કેટેગરીમાં લાગુ પડશે.

# વર્લ્ડકપ ઈતિહાસમાં મોહમ્મદ શમી ભારત માટે સૌથી વધારે વિકેટ લેનાર બોલર બન્યો




નવી દિલ્હી, તા.૭

ભારતીય ઝડપી બોલર મોહમ્મદ શમીએ ક્રિકેટ વિશ્વકપ ૨૦૨૩માં શ્રીલંકા વિરૂદ્ધ મેચમાં પાંચ વિકેટ લેતા જ મોટો રેકોર્ડ બનાવ્યો છે. મો.શમી હવે ભારત માટે ક્રિકેટ વિશ્વકપના ઈતિહાસમાં સૌથી વધારે વિકેટ લેનાર બોલર બની ગયો છે. તેણે જગવાલ શ્રીનાથ અને ઝહીરખાનનો રેકર્ડ તોડ્યો જે ૪૪-૪૪ વિકેટ ઝડપી ચૂક્યા હતા. મો.શમીની ખાસ વાત એ રહી કે તેણે ફક્ત ૧૪ મેચોમાં જ આ સિદ્ધિ પોતાના નામે કરી છે. ભારતીય ક્રિકેટ ટીમે ICC ODI વર્લ્ડકપની સેમિફાઈનલમાં સતત ૭ મેચ જીતીને ગર્વભેર જગ્યા બનાવી છે. તાજેતરમાં રમાયેલી મેચમાં ભારતે શ્રીલંકાને એકતરફી રીતે હરાવ્યું હતું. મોહમ્મદ શમી એ જ બોલર છે જેને વર્લ્ડ કપની પ્રથમ ૪ મેચોમાં ટીમ ઈન્ડિયાની બહાર રાખવામાં આવ્યો હતો. પરંતુ ત્યારબાદ ટીમમાં આવતાની સાથે જ તેણે ટીમ ઈન્ડિયા માટે મેચો જીતવાનું અને વિકેટો ખેરવવાનું શરૂ કરી દીધું હતું. શમીએ શ્રીલંકા સામે ૫ વિકેટ લીધી હતી. મેચ બાદ તેણે પોતાના શાનદાર પ્રદર્શનનું રહસ્ય જણાવ્યું. મેચ પછીના પ્રેઝન્ટેશનમાં વાત કરતી વખતે મોહમ્મદ શમીએ કહ્યું હતું કે, "હું યોગ્ય જગ્યાએ બોલ નાખવાનો પ્રયાસ કરી રહ્યો છું. યોગ્ય લય પકડવાનો પ્રયાસ કરી રહ્યો છું. કારણ કે જો તમે મોટી ટૂર્નામેન્ટમાં તમારૂં ફોર્મ ગુમાવો છો તો તમારા માટે વાપસી કરવી ખૂબ મુશ્કેલ બની જાય છે. અત્યારે મારૂં ધ્યાન યોગ્ય લેન્થ ઉપર બોલિંગ કરવા ઉપર છે. તમને સાચું કહું તો આ આખો આઈડિયા ઘણા અંશે કામ કરી રહ્યો છે સફળતા મળી રહી છે. શમીએ આગળ કહ્યું હતું કે, "મારૂં પ્રદર્શન તે રોકેટ સાયન્સ નથી. તે માત્ર લયની બાબત છે. અમારા માટે સૌથી મહત્ત્વની બાબત એ છે કે તમને લોકોનો પ્રેમ મળે. અમને ભારતમાં ચાહકો તરફથી ઘણો પ્રેમ મળે છે. જ્યારે તમે ભારતની બહાર જાઓ છો ત્યારે પણ ચાહકો અમને ખૂબ સપોર્ટ કરે છે. હું બધાને મારા પ્રદર્શનથી ખુશ રાખવાનો પ્રયત્ન કરૂં છું. મોહમ્મદ શમી વર્લ્ડ કપમાં અત્યાર સુધી માત્ર ૩ મેચ રમ્યો છે. તેણે માત્ર ૩ મેચમાં ૧૪ વિકેટ ઝડપી છે.

# ઝેરી હવા : દિલ્હીમાં પ્રાથમિક શાળાઓ ૧૦ નવેમ્બર સુધી બંધ

## રવિવારે સતત છઠ્ઠા દિવસે દિલ્હીમાં ઝેરી ધૂમ્મસ છવાયું હતું કારણ કે પ્રતિકૂળ પવનની સ્થિતિને કારણે પ્રદૂષણનું સ્તર ફરી એકવાર અતિ ગંભીર શ્રેણીમાં પહોંચી ગયું હતું



નવી દિલ્હી,તા.૭

દિલ્હીના શિક્ષણ મંત્રી આતિશીએ રવિવારના રોજ જાહેરાત કરી હતી કે શહેરમાં વધતાં પ્રદૂષણના સ્તરને કારણે રાષ્ટ્રીય રાજધાનીની તમામ પ્રાથમિક શાળાઓ ૧૦ નવેમ્બર સુધી બંધ રહેશે. ધોરણ ૬થી ૧૨ માટે, શાળાઓ પાસે ઓનલાઈન ભણાવવાનો વિકલ્પ છે. આતિશીએ ટ્વિટર ઉપર જણાવ્યું હતું કે, પ્રદૂષણનું સ્તર ઉચ્ચ રહેવાનું ચાલું હોવાથી, દિલ્હીમાં પ્રાથમિક શાળાઓ ૧૦ નવેમ્બર સુધી બંધ રહેશે. ધોરણ ૬થી ૧૨ માટે, શાળાઓને ઓનલાઈન વર્ગોમાં સ્થાનાંતરિત કરવાનો વિકલ્પ આપવામાં આવી રહ્યો છે. રવિવારના રોજ સતત છઠ્ઠા દિવસે દિલ્હીમાં ઝેરી ધુમ્મસ છવાયું હતું કારણ કે પ્રતિકૂળ પવનની સ્થિતિ, ખાસ કરીને રાત્રે શાંત પવનોને કારણે પ્રદૂષણનું સ્તર ફરી એકવાર વધુ ગંભીર શ્રેણીમાં પહોંચી ગયું હતું. હવાની ગુણવત્તા સૂચકાંક શનિવારની સાંજે ૪ વાગ્યે ૪૧૭થી રવિવારની સવારે ૭ વાગ્યે ૪૬૦ સુધી બગડ્યો હતો. અગાઉ, મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જાહેરાત કરી હતી કે, વધતાં પ્રદૂષણના સ્તરને જોતાં દિલ્હીમાં તમામ સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓ ૩ નવેમ્બર અને ૪ નવેમ્બરે બંધ રહેશે. કેન્દ્રની વાયુ પ્રદૂષણ નિયંત્રણ યોજના હેઠળ, જો AQI ૪૫૦નો આંકડો વટાવે તો રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં પ્રદૂષિત ટ્રક, વાણિજ્યિક ફોર-વ્હીલર્સ અને તમામ પ્રકારના બાંધકામો ઉપર પ્રતિબંધ સહિત તમામ કટોકટીનાં પગલાં શરૂ કરવા અને લાગુ કરવા ફરજિયાત છે. PM2.5ની સાંદ્રતા, શ્વસનતંત્રમાં ઊંડે સુધી ઘૂસીને સ્વાસ્થ્ય સમસ્યાઓ ઉભી કરવામાં સક્ષમ સૂક્ષ્મ રજકણો, સમગ્ર દિલ્હી-NCRમાં બહુવિધ સ્થળોએ સરકાર દ્વારા નિર્ધારિત ૬૦ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટરની સલામત મર્યાદાને સાતથી આઠ ગણું વટાવી ગઈ છે. તે WHO દ્વારા નિર્ધારિત ૫ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટરની તંદુરસ્ત મર્યાદા કરતાં ૮૦થી ૧૦૦ ગણી હતી. તાપમાનમાં ક્રમશઃ ઘટાડો, શાંત પવનો તેમજ પંજાબ અને હરિયાણામાં લણણી પછી ડાંગર સળગાવવામાં વધારો થવાને કારણે દિલ્હી-દ્રઝઈમાં હવાની ગુણવત્તામાં છેલ્લાં અઠવાડિયામાં ઘટાડો થયો છે.

# જૂનાગઢના ચકચારી સાઈનાઈડ કેસના મુખ્ય આરોપીના વચગાળાના જામીન રદ કરતી સેશન્સ કોર્ટ

જૂનાગઢ તા. ૭

જૂનાગઢમાં એક વર્ષ પહેલા સાઈનાઈડ કાંડ તરીકે પ્રખ્યાત બનેલા ડબલ મર્ડર કેસના માસ્ટર માઈન્ડ આરોપી ઈમરાન કાસમભાઈ ચૌહાણના ૧૫ દિવસના વચગાળાના જામીન જૂનાગઢ સેશન્સ કોર્ટ દ્વારા રદ કરવામાં આવેલ છે.

મુળ ફરીયાદીના એડવોકેટ વાય.એસ. કરૂડે આપેલી વિગતો અનુસાર આશરે એક વર્ષ અગાઉ જૂનાગઢના વંથલી દરવાજા રીક્ષા સ્ટેન્ડ પાસે બે રીક્ષા ચાલકના એક સાથે ઘટના સ્થળે જ મૃત્યુ થયા હતા. જેથી પોલીસે તપાસનો ધમધમાટ શરૂ થતા મૃતક રફીકભાઈની પત્નીનું પડોશમાં જ રહેતા આરોપી આસીફ ચૌહાણ સાથે પ્રેમસંબંધ હોવાનું અને તેની સાથે લગ્ન કરવા માંગતો હોવાનું તપાસમાં ખુલેલ પરંતુ સ્ત્રીના પતિ આડખીલીરૂપ બનતા હોય જેથી તેને જાનથી મારી નાખાવાના ઈરાદાથી ઈમરાન કાસમભાઈ ચૌહાણ નામના મિત્રએ કુદરતી મોત લાગી શકે તેવા હેતુથી કાવતરૂં કરેલાનું અને મર્ડરની અલગ અલગ ટ્રીકસ વિષે ગુગલ સર્ચ કરેલાની હીસ્ટ્રી પોલીસ તપાસમાં ખુલેલ હતું. જેથી તેમણે સાઈનાઈડ નામના ઝેરનો ઉપયોગ કરવાનું નકકી કરેલ. આ સાઈનાઈડ મંગાવ્યા બાદ તે ખરેખર કામ કરશે કે કેમ તેની ખરાઈ કરવા માટે આરોપીઓએ મુરઘી ઉપર પણ પ્રયોગ કરેલાનું તપાસમાં ખુલેલ છે. આ પ્રયોગ બાદ સ્ત્રીના પ્રેમી આસીફ અને ઈમરાને મૃતક રફીકભાઈની ઠંડા પાણીની બોટલમાં સાઈનાઈડ ભેળવી દીધેલ હતું જે ઘટના ઈમરાનના મકાન પાસે જ લાગેલા કેમેરામાં રેકોર્ડ થઈ ગયેલાનું પણ તપાસમાં ખુલેલ હતું. જેથી જૂનાગઢ બી-ડીવીઝન પોલીસના પીઆઈ નિરવ શાહે મૃતકના ભાઈ ફારૂકભાઈ ઘોઘારીની ફરીયાદને આધારે મર્ડરનો ગુન્હો નોંધી ઉંડાણપુર્વક તપાસ કરી ચાર્જશીટ કરેલ હતી. જે તમામ વિગતો દર્શાવી મુળ ફરીયાદીના એડવોકેટ ઝેડ.એમ. સાખલાએ વાંધા રજુ કરેલ હતા જે વાંધા તેમજ સરકારી વકીલ જે.એમ. દેવાણીની દલીલોને ધ્યાને લઈ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ એચ.એ. દવેએ આરોપી ઈમરાનની વચગાળાની જામીન અરજી રદ કરેલ છે.

## જૂનાગઢની ટ્રીબ્યુનલ કોર્ટનો મહત્વપુર્ણ ચૂકાદો

# અકસ્માતમાં અવસાન પામનાર મૃતકના વારસોને રૂા.૧.૭૦ કરોડ ચુકવવા હુકમ

### માત્ર ૬ મહિના અને ૧૨ દિવસમાં જ કલેઈમ કેસનો ચૂકાદો અપાયો

જૂનાગઢ તા. ૭

કાર દ્વારા અકસ્માતમાં અવસાન પામનાર રૂા.૧,૭૦,૧૮,૯૮૯/- તથા વ્યાજ અલગ ચુકવવા વિમા કંપનીને જૂનાગઢની મુખ્ય મોટર એકસીડેન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ કોર્ટે હુકમ કરેલ છે.

આ કેસની વિગત એવી છે કે, તા.૮-૪-૨૦૨૩ ના રોજ જૂનાગઢ શહેરમાં રહેતા સતીષચંદ્ર ઉર્ફે સતીષભાઈ બાલાશંકરભાઈ દવે પોતે કારમાં બેસીને જૂનાગઢથી માંગરોળ જતા હતા ત્યારે કેશોદ નજીક બાલાગામના પાટીયા પાસે કારના ચાલકે કાર પરનો કાબુ ગુમાવી દેતા કાર પલ્ટી મારી ગયેલ અને કારમાં બેઠેલ સતીષચંદ ઉર્ફે સતીષભાઈ બાલાશંકર દવેને ગંભીર પ્રકારની ઈજાઓ થતા અવસાન પામેલ હતા. ત્યારબાદ ગુજરનારના વારસદારોએ જૂનાગઢની નામદાર મોટર એકસીડેન્ટ કલેઈમ ટ્રીબયુનલ કોર્ટમાં પોતાના વકીલ કે.એલ.સાંચેલા મારફત તા.૨૪/૪/૨૦૨૩ ના રોજ વળતર અંગેનો કલેઈમ કેસ દાખલ કરેલ હતો. આ કેસમાં અરજદારના વકીલ તરફથી ગુજરનારના અકસ્માતને લગતા તમામ પ્રકારના પોલીસ પેપર્સ તેમજ અન્ય પેપર્સ રજુ કરવામાં આવેલ હતા. તાજેતરમાં આ કેસની સુનાવણી હાથ ધરાતા નામદાર કોર્ટે બંને પક્ષકારોની દલીલો સાંભળી અરજદારના એડવોકેટની દલીલો ગ્રાહય રાખી તા.૬/૧૧/૨૦૨૩ ના રોજ ગુજરનાર સતીષચંદ્ર ઉર્ફે સતીષભાઈ બાલાશંકરભાઈ દવેના અકસ્માત વળતર અંગેના કલેઈમ કેસમાં ચૂકાદો આપી રૂા.૧,૭૦,૧૮,૯૮૯/- અંકે રૂપિયા એક કરોડ સીતેર લાખ અઢાર હજાર નવસો નેવાસી અને તેના પર વ્યાજ અલગથી ગુજરનારના વારસદારોને ચુકવવાનો સામાવાળા વિમા કંપનીને હુકમ કરેલ છે. આમ આ કેસ માત્ર ૬ મહીના અને ૧૨ દિવસમાં ચૂકાદો આપેલ છે. ગુજરનાર સતીષચંદ્ર ઉર્ફે સતીષભાઈ બાલાશંકર દવેના વારસદારો તરફે અકસ્માત વળતરના કલેઈમ કેસમાં વકીલ તરીકે જૂનાગઢના એડવોકેટ કે.એલ.સાંચેલા રોકાયેલા હતા.

# સોરઠના દરિયાની ગોઝારી સમુદ્ર દુર્ઘટનાને ૮મી નવેમ્બરે ૧૩૫ વર્ષ પુર્ણ થાય છે!

### ''ટાઇટેનીક'' ફિલ્મ જેવી જ આ દુર્ઘટનામાં દરિયાના મોજામાં 'વિજળી' નામની બોટ ફુટબોલની જેમ ફંગોળાઇ ૧૩૦૦ જાન-જાનડીઓ સાથે દરિયાના ઉંડાણમાં ગારક થઇ હતી

પ્રભાસ-પાટણ તા.૭

આજથી બરાબર ૧૩૫ વર્ષ પહેલાં તે સમયમાં દેશની સૌથી મોટી સમુદ્રી જળ હોનારાત સોરઠના પાદરમાં થઈ હતી. કહેવાય છે કે ૧૩ જાન ૧૩૦૦ ઉતારૂઓ ૮ નવેમ્બર ''હાજી કાસમ તારી વિજળી નામની સ્ટીમર ડુબી ગઈ હતી.'' ૨૫ કેબીનો ધરાવતી અને ૨૬૯ ફુટ લંબાઈ ધરાવતી ''હાજી કાસમ તારી વિજળી'' ડુબી ગયાને આજ સવા સદી વિતી ચુકી છતાં તે ઘટના - વિલાપને સાંકળતા કરૂણ ભાવે આજે ય પણ ગવાતા રહે છે. તો લોક સાહિત્યકારોના ડાયરાઓમાં આ ઘટના જયારે કહેવાતી હોય ત્યારે સુમસામ શાંતિ સાથે લોકો કરૂણ ભાવે શ્રવણ કરતાં રહે છે.

કચ્છના માંડવી બંદરેથી વિક્રમ સવંત ૧૯૪૫ ના કારતક સુદ પાંચમ અને ગુરૂવાર તથા ૮ નવેમ્બર ૧૮૮૮ના બપોરે બાર વાગ્યે '' વિજળી'' લાંગરી હતી 'વેટર'ના ઝળહળતા વિજળી પ્રકાશને લીધે આ આગબોટનું નામ લોકોએ 'વિજળી' જ આપી દીધું હતું.

મુંબઈના હાજી કાસમ જુસબ નામના શેઠે કેપ્ટન જેમ્સ શેર્ફડ નામના અંગ્રેજ સાથે ભાગીદારીમાં સ્થાપેલ ''બોમ્બે સ્ટીમ નેવીગેશન'' કંપનની આ આગબોટ વિજળીનો વટીવટ હાસમના ભાઈ હાજી કાસમ સંભાળતા હતા. તેથી એ કંપની '' હાજી કાસમની કંપની'' કહેવાતી હતી. વિજળીના કેપ્ટનનું નામ ઈબ્રાહીમ હતું જે પોતાની શકિત-કાબેલીયત ઉપર ખુબ જ મુસ્તાક હતો એટલે કે આત્મવિશ્વાસ ધરાવતો હતો. વિજળીની એ પ્રથમ સફર હતી. જેમાં કચ્છના જુદા-જુદા ગામેથી લગ્નની જાનો આ બોટમાં ચડી હતી. ભાવ નીતરતા કંઠે હોંશથી જાનડીઓ ગીતો ગાતી હતી. તો પરીક્ષા આપવા જતા કેટલાક વિદ્યાર્થી ઉતારૂઓ પણ સવાર હતા.

ભર સાગરમાં વિજળીએ દ્વારકાનો કિનારો છોડતાં જ દરિયાના વાવાઝોડા, સુસવાટા મારતા પવનના ઝપાટા શરૂ થયા અને વિજળી પોરબંદર પહોંચી ત્યારે ત્યાંના બંદર ઓફિસર લેલીએ વિજળીને આગળ ન વધવા સખ્ત ચેતવણીઓ પણ આપી હતી. પરંતુ કેપ્ટન ઈબ્રાહીમભાઈનો પોતાની પ્રચંડ શકિતમા લોખંડી વિશ્વાસ હતો કે મારી સ્ટીમર આવા વાવાઝોડાને ગણકારશે નહીં. લેલીએ કાળા વાવટા ફરકાવી સ્ટીમર રોકવા કોશિષ પણ કરી પણ તેને ય અવગણી સ્ટીમરને પુરપાટ વેગે દોડાવી અને થોડી જ વારમાં યમદુત જેવાં સાગરના લોઢ-લોઢ જેવડા મોજા સ્ટીમરને હાલક-ડોલક કરવા લાગ્યાં, અફળાતી કુટાતી, ફુટબોલના દડાની જેમ અધ્ધર-અધ્ધર ઉલળી ફરી પાછી સમુદ્રમાં ભફાંગ દઈને પછડાતી ત્યારે સ્ટીમરના ઉતારૂઓ લગ્ન ગીતોને બદલે ચીસાચીસ-રાડારાડમય બન્યા હતા. અને આખરે ઘુમરાતી-ઘુમરાતી એ વીજળી નામની સ્ટીમરે ઉતારૂઓ સાથે પોતાની ગોદમાં મધદરિયે સમાધી લીધી.

દેશભરમાં ઠેર-ઠેર બેસણા થાયાં અને લગ્ન મંડપો મોત-માતમ સ્થળોમાં ફેરવાયા હતા. ઈતિહાસકાર ચિતલવાલાએ આ ઘટનાનું સંશોધન કરી કેટલાક પ્રશ્નો-તર્ક સાથે સમ્રગ ઘટનાનો તાગ મેળવવા તાજેતરના વર્ષોમાં પ્રયાસ પણ કર્યો છે. ગુજરાતી સાહિત્યકાર ગુણવંતરાય આચાર્યએ આ ઘટના સંદર્ભે પુસ્તક પણ લખ્યું છે.

# રેડીયોલોજીની સંપુર્ણ સુવિધા એકછત્ર હેઠળ પુરી પાડવા નાથાલાલ પારેખ કેન્સર ઈન્સ્ટીટયુટ સક્ષમ : ડો.ખ્યાતી વસાવડા

### રાજકોટ કેન્સર સોસાયટીની સુવિધાઓમાં ઉમેરો, આધુનિક એમઆરઆઈ મશીનનું આગમન




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૭

રાજકોટમાં કેન્સરનુ નિદાન અને સારવાર એકછત્ર હેઠળ એટલે રાજકોટ કેન્સર સોસાયટી, નિદાન અને સારવારની આધુનિક પધ્ધતીઓમાં અગ્રેસર રાજકોટ કેન્સર સોસાયટીમાં દશેરાના દિવસે ૧.૫ ટેસ્લા એમ.આર.આઈ.મશીનનો શુભારંભ કરવામાં આવ્યો. આ મશીનના ઉપયોગથી રાજકોટ કેન્સર સોસાયટી એ કેન્સરના નિદાનમાં વધુ એક હરણફાળ પગલું ભરેલ છે.

રાજકોટ કેન્સર સોસાયટી (નાથાલાલ પારેખ કેન્સર ઈન્સ્ટીટયુટ) ખાતે ૨ સી.ટી.સ્કેન મશીન, સોનોગ્રાફી મશીન, ડીજીટલ એકસ રે, હાઈ એન્ડ સોનો મેમોગ્રાફી મશીન સાથે નિદાન પધ્ધતીઓ તો કેન્સરના દર્દીઓ માટે ઉપલબ્ધ છે જ તથા હોસ્પિટલમાં દરરોજ લગભગ ૧૫૦ થી વધુ રેડીયોલોજીની પ્રોસીઝર કરવામાં આવે છે તથા એમ.આર.આઈ.ના આવવાથી આ સુવિધાઓમાં વધારો થયો છે. એમ.આર.આઈ અને સી.ટી.સ્કેન ગાઈડેડ બાયોપ્સી પ્રોસીઝર રાજકોટ કેન્સર સોસાયટી ખાતે નિષ્ણાંત રેડીયોલોજીસ્ટ ડો.દિવ્યા (એચ.ઓ.ડી-રેડીયોલોજી) ના માર્ગદર્શન હેઠળ થાય છે. અને નિષ્ણાંત રેડીયોલોજીસ્ટ ડો.નિશા ધોડાસરા આવા કેન્સર જેવા જટીલ રોગોના નિદાન માટે અનુભવી છે. અતિ આધુનિક રેડીયોલોજી વિભાગ તથા કેન્સરને લગતી ઈન્ટરવેન્શનલ રેડીયોલોજી પધ્ધતીઓ સાથે કેન્સરના દર્દીઓને સેવા પુરી પાડવા માટે રાજકોટ કેન્સર સોસાયટી કટીબધ્ધ છે. તો ચાલો સૌ સાથે મળીને કેન્સરને હરાવીએ. રાજકોટ કેન્સર સોસાયટી જાહેર જનતાને અપીલ કરે છે કે સ્વ સંભાળ રાખો, જાગૃત રહો, સાવચેત રહો.

# લોઢવા ગામના ખેડૂત ભગવાનજીભાઈ કછોટને સરકાર તરફથી ટ્રેકટર ખરીદીમાં મળી રૂા.૪૫,૦૦૦ની સહાય

### વર્ષોથી બળદ વડે ખેતી કરતા ભગવાનજીભાઈ સરકારની સહાય વડે હવે અપનાવશે આધુનિક ખેતી

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા.૭

રમત ગમત હોય કે હોય શિક્ષણ, આરોગ્ય હોય કે હોય ખેતીવાડી, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં છેવાડાનો માનવી પણ મુખ્યધારામાં આવે અને જન જન સુધી સહાય પહોંચે અને જીવનધોરણ સતત ઉંચુ આવે એવા ભગીરથ પ્રયત્નો થઈ રહ્યાં છે. લોઢવા ગામના ખેડૂત ભગવાનજીભાઈએ સરકારના ભગીરથ પ્રયત્નોનું મીઠું ફળ ચાખ્યું છે. સુત્રાપાડા તાલુકાના લોઢવા ગામના ખેડૂત ભગવાનજીભાઈ કછોટે મીની ટ્રેક્ટરની ખરીદી કરી હતી. જેમાં તેમને સરકાર તરફથી રૂા.૪૫,૦૦૦ની સહાય મળી છે.

લોઢવા ગામના ખેડૂત ભગવાનજીભાઈ જેસાભાઈ કછોટે જણાવ્યું હતું કે, અમારે ૭ વીઘા જમીન છે અને ખેતી કરી ગુજરાત ચલાવીએ છીએ, વર્ષોથી બળદ વડે ખેતી કરતા હતા. પરંતુ હવે આધુનિક યુગમાં બળદ રાખીએ તો તમામ મોરચે પહોંચાય નહીં, પરંતુ હવે આધુનિક સાધનો વડે સરળ રીતે ખેતી થાય તો સમય અને બચતનો પણ લાભ થાય, આ માટે બળદને વેચી ખેતી માટે મીની ટ્રેક્ટરની ખરીદીનો વિચાર આવ્યો હતો. ટ્રેકટરની ખરીદીમાં સરકાર ખેડૂતોને સહાય પણ ચૂકવવામાં આવે છે. તેવી માહિતી મળી હતી. આથી મીની ટ્રેક્ટરની ખરીદી કરી સરકારી સહાયનો લાભ લેવા માટે ઓનલાઈન ફોર્મ ભર્યુ હતું. અમે ત્રણ મહિના પહેલા જ મીની ટ્રેક્ટરની ખરીદી કરી છે અને તેની ખરીદીમાં સરકાર તરફથી રૂા.૪૫,૦૦૦ની સહાય મળી છે.



આ સાથે જ તેમણે ઉમેર્યુ હતું કે, આ આધુનિક ટ્રેક્ટર સહિતના સાધનો વડે ખેતી કરવી સરળ બની છે અને સમયની પણ બચત થાય છે. ૭ વીઘા જમીનમાં મીની ટ્રેક્ટર વડે સરળતાથી ખેતી થાય છે. ત્યારે સરકારશ્રીનો આભાર કે નાના ખેડૂતોનું ધ્યાન રાખી ખેતીના સાધનોમાં સહાય વડે મદદરૂપ થાય છે અને જન જન સુધી સહાય પહોંચે અને છેવાડાના માનવીનું પણ જીવનધોરણ સતત ઉંચુ આવે એવા સરકારશ્રીના ભગીરથ પ્રયત્નો બિરદાવવા લાયક છે. નોંધનીય છે કે, રાજ્યના ખેડૂતો હવે પ્રાકૃતિક તેમજ આધુનિક અને સરળ પધ્ધતિની ખેતી તરફ વળ્યા છે. આ ખેડૂતોને પણ સરકારી યોજનાનો પૂરતો લાભ મળી રહે તેવો પ્રયાસ કરવામાં આવે છે. રાજ્ય સરકારશ્રી તરફથી ચાલતી વિવિધ યોજનાઓ પૈકી એક યોજના દ્વારા મીની ટ્રેક્ટરની ખરીદીમાં ખેડૂતોને રૂા.૪૫,૦૦૦ની સહાય ચૂકવામાં આવે છે.

## ઉનાના ભીમપરા વિસ્તારના ટીકરીયા ખારાના પરીવારોને

# દિવાળી ભેટરૂપે જ્યોતિગ્રામ વિજ જોડાણ અર્પણ કરતા ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ



(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૭

ઉના શહેરના ભીમપરા વિસ્તાર નજીક ટીકરીયા ખારામા રહેતા ૬૦ થી વધુ પરીવારો કે જેઓને છેલ્લા ૪૦ વર્ષથી ઘર વપરાશ માટે ખેતીવાડીના વિજ કનેકશનો હોય પુરતો વિજ પુરવઠો મળતો ન હોય જે બાબતે આ વિસ્તારના લોકોએ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડને રજુઆત કરતા ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે આ અંગે ઉનાની પીજીવીસીએલ ડીવીઝનથી શરૂ કરી ઉર્જા મંત્રીને ગાંધીનગર સુધી સક્રીય રજુઆત કરી આ વિસ્તારના પરીવારોને જ્યોતિગ્રામ વિજ કનેકશન આપવાના કામને ટુંકા ગાળામાં જ મંજૂરી અપાવેલ હતી.જેની ફળશ્રુતિ રૂપે ભીમપરા વિસ્તારના ટીકરીયા ખારામા રહેતા પરીવારોને જ્યોતિગ્રામ વિજ પુરવઠો આપવા માટે લોકાર્પણ સમારોહ યોજાયેલ હતો જેમાં ઉપસ્થિત પીજીવીસીએલ ડીવીઝન કચેરીના કાર્યપાલક ઈજનેર રૈયાણીની હાજરીમાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે શ્રીફળ વધેરીને જ્યોતિગ્રામ વિજ પુરવઠાનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ઉના નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણિયા, કારોબારી ચેરમેન ધીરૂભાઈ છગ, નગરસેવકો વિજયભાઈ રાઠોડ, નિલેશભાઈ વાજા, જેન્તીભાઈ બાંભણિયા, હરેશભાઈ જોશી, જીલ્લા બક્ષીપંચ મોરચાના મહામંત્રી વિનોદભાઈ બાભણીયા, શહેર ભાજપાના મહામંત્રી કાંતિભાઈ છગ તથા ટીકરીયા ખારામા રહેતા પરીવારોના ભાઈઓ-બહેનો તથા યુવાનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે લાભાર્થી પરિવારના સદસ્યોએ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડનું ભવ્ય સન્માન કરી આભાર માન્યો હતો.

## મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા

# 'મન કી બાત- ૧.૦'ના ગુજરાતી પુસ્તકનું કરાયું વિમોચન


ગાંધીનગર, તા.૭

**Unstoppable India Foundation** દ્વારા તૈયાર કરેલ "મન કી બાત-૧.૦" પુસ્તકનું વિમોચન માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ગાંધીનગર મુખ્યમંત્રી કાર્યાલય ખાતે કરવામાં હતું.

"મન કી બાત ૧.૦" પુસ્તકના વિમોચન કાર્યક્રમ દરમ્યાન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી હરહંમેશ સંવાદને પ્રાધાન્ય આપતા રહ્યાં છે તેઓ જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે ''સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ'' થકી જનતા જનાર્દન સાથે સંવાદ સાધીને રાજ્યની જનતા સાથે જોડાઈ રહ્યા.

વર્ષ ૨૦૧૪ માં નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા બાદ તુરંત જ તેમણે પ્રધાનસેવક તરીકે દેશની જનતા સાથે સંવાદ દ્વારા લોકતંત્રને મજબૂત અને ઉજ્જ્વળ બનાવવા ''મન કી બાત'' નામથી રેડિયો વાર્તાલાપ શરૂ કરી, આકાશવાણીના માધ્યમથી તેમની વાત કરોડો દેશવાસીઓના મનની વાત બની ગઈ છે.

વધુમાં **Unstoppable India Foundation** ના ચેરમેન મેહુલ મકવાણા એ જણાવ્યું હતું કે, ''મન કી બાત ૧,૦'' સ્મૃતિ સંગ્રહ અલગ-અલગ વિષયો, શક્તિઓ, વ્યક્તિઓ અંગેના તેમના વિચારને સરળ ભાષા અને શૈલીમાં તૈયાર કરી છે. ''મન કી બાત ૧.૦'' સ્મૃતિ સંગ્રહ કોઈ પુસ્તક નથી પણ સ્મૃતિઓનો સંગ્રહ છે જે વરસો વરસ સુધી આપણને સૌને, દેશ અને દુનિયાને પથ દર્શાવતો રહેશે, માર્ગદર્શિત કરાવતો રહેશે તેવી મને શ્રદ્ધા છે.



આ પુસ્તક તૈયાર કરવા માટે શ્રી પ્રવીણ દ્વારી - **Director - Unstoppable India Foundation**, મૌલિક આસોડિયા (**Content Expert & Sr. Sub Editor**) વાડીભાઈ જોશી (**Translator: Gujarati, Hindi, English, Marathi, Sanskrit**), ડો.જશભાઈ પટેલ (**Translator: Gujarati, Hindi**), રાજેન સોની (**Translator: Gujarati/English**) નો મહત્વનો ફાળો રહ્યો છે.

# જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં દિપાવલી અને નૂતન વર્ષના તહેવારોની ઉજવણી અંગે લોકોમાં ભારે ઉત્સાહ



## આવતીકાલે કારતક વદ અગીયારશના દિવસથી તહેવારોની ઉજવણીનો પ્રારંભ : ધનતેરસ, દિપાવલી, નૂતન વર્ષ, ભાઈબીજ, લાભપાંચમ, જલારામ જયંતિ, દેવદિવાળી અને કારતીકી પુર્ણીમાના પર્વે અનેકપ્રકારના આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

દિપાવલી અને નૂતન વર્ષના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આ તહેવારોની ઉજવણી માટે લોકોમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે અને જેને લઈને તમામ બજારોમાં તેજીનો દોર શરૂ થયો છે.

આવતીકાલ કારતક વદ અગીયારશના દિવસથી તહેવારની ઉજવણીનો શુભારંભ થવાનો છે. ત્યારે તહેવારોના આ દિવસોમાં ઘર આંગણાની સજાવટને પ્રધાન્ય આપવામાં આવી રહ્યું છે. આપણે ત્યાં દિપાવલી અને નૂતન વર્ષના તહેવારોના આ દિવસોમાં લોકો એકબીજાને હળેમળે અને પરસપરનો શુભકામનાઓ પાઠવતા હોય છે. આવનારૂ નવું વર્ષ તમામ માટે સુખદાયી અને ફળદાયી નીવડે તેવી કામનાઓ કરતા હોય છે. દિપાવલી અને નૂતન વર્ષના તહેવારો દરમ્યાન જૂનાગઢ શહેરમાં આવેલા વિવિધ ધાર્મિક સ્થળોએ વિશેષ પૂજાના કાર્યક્રમો યોજવામાં આવનાર છે. ધર્મસ્થાનોમાં દિપાવલીનું વિશિષ્ટ પૂજન તેમજ અન્નકોટ સહિતના કાર્યક્રમો યોજાતા હોય છે. ધનતેરસ, દિપાવલી, નૂતન વર્ષ, ભાઈબીજ, લાભપાંચમ, જલારામ જયંતિ અને દેવદિવાળી તેમજ કારતીકી પુર્ણીમા સહિતના તહેવારોની એક શૃંખલા શરૂ થવા જઈ રહી છે ત્યારે બજારોમાં ખરીદીનો માહોલ જોવા મળે છે. પ્રકાશના આ પર્વને આવકારવા માટે અનેક પ્રકારની ખરીદીઓમાં લોકો ઉત્સાહીત બન્યા છે. જૂનાગઢ શહેરમાં આવેલી વિવિધ બજારોમાં મુખવાસથી લઈ અધ્યતન લાઈટ ડેકોરેશન સહિતની ચીજવસ્તુઓની ખરીદી પુરબહારમાં ખીલી ઉઠી છે. આ ઉપરાંત ઘર આંગણે અને વ્યવસાયીક પ્રતિષ્ઠાનોમાં આકર્ષક રંગોળી માટેના જુદા-જુદા કલરોનું પણ વેંચાણ થઈ રહ્યું છે. ફટાકડાની આતશબાજી માટે ફટાકડા બજાર પણ શરૂ થઈ રહી છે. જૂનાગઢ શહેરના મુખ્ય-મુખ્ય બજારમાં બપોરના સમયે તેમજ સાંજના સમયે ખરીદીનો માહોલ ઉઠવા પામ્યો છે. તો બીજી તરફ શાળાઓ અને કોલેજોમાં પરીક્ષાઓ પુર્ણ થતા વેકેશન શરૂ થઈ રહ્યું છે. જયારે નોકરીયાત વર્ગ પણ તહેવારોમાં મળતી રજાઓને લઈને લાંબી ટુર ઉપર જવાના આયોજનો કરવામાં આવ્યા છે.

જૂનાગઢ નજીક આવેલા ભવનાથ ક્ષેત્ર તેમજ ફરવા લાયક તમામ સ્થળોએ આગામી દિવસોમાં માનવ મહેરામણ ઉમટી પડવાના છે. તહેવારોને લઈને એસટી બસ, રેલ્વે તેમજ ખાનગી ટ્રાવેલ્સ સહિતના વાહનો માટે અત્યારથી જ બુકિંગ થઈ રહ્યા છે અને સર્વત્ર તહેવારોને ઉમળકાથી વધાવવા લોકોમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. (તસ્વીર : જયેશ મહેતા)

## જૂનાગઢ જવાહર રોડ સ્થિત શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે દીપાવલી, નૂતન વર્ષ નિમીતે ધર્મોત્સવ






(પ્રતિનિધી દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢમાં જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામિ નારાયણ મુખ્ય મંદિર ખાતે દિપાવલી અને નૂતન વર્ષના પર્વ નિમિતે ધર્મોત્સવના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ અંગે શ્રી સ્વામિ નારાયણ મુખ્ય મંદિરના મહંત સ્વામી શાસ્ત્રી શ્રી પ્રેમસ્વરૂપદાસજીએ જણાવ્યુ હતુ કે તા. ૧૦ ને શુક્રવારથી દીપોત્સવી પર્વનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે આ પર્વના પ્રારંભે શુક્રવારને ધનતેરસના રોજ સવારે ૯ કલાકે ધન પૂજન સવારે ૯ થી ૧૦ સુધી કરાશે તેમજ તા. ૧૧ ને શનીવારે કાળી ચૌદસના રોજ સવારે ૧૧ થી ૧૨ હનુમાનજી પુજન અને તા.૧૨ ને રવીવારે દિવાળી પર્વે મહાલક્ષ્મી શારદા (ચોપડા પુજન) કુબેર પુજન સાંજે ૫.૫૫ થી ૭.૩૦ કલાક સુધી તેમજ તા. ૧૩ ને સોમવારનાં રોજ સવારે ૧૦ કલાકે ગોવર્ધન પૂજન અને બપોરે ૧૨ કલાકે અન્નકૂટ દર્શનની આરતી અને ૧૨ થી ૫ અન્નકૂટ દર્શન, સાંજે ૬.૩૦ કલાકે સંધ્યા આરતી અને ૮.૩૦ કલાકે શયન આરતી થશે. તા.૧૪ ને મંગવારનાં રોજ નૂતન વર્ષ ઉજવાશે.

તો આ દીપોત્સવી પર્વે યોજાનાર ધર્મોત્સવનો લાભ લેવા સૌ હરિભકતો અને ધર્મપ્રેમી જનતાને શ્રી રાધારમણ દેવ ટેમ્પલ બોર્ડના ચેરમેન કો.સ્વા.શ્રી દેવનંદનદાસજી વગેરે સમસ્ત ટ્રસ્ટી મંડળે તથા મંદિરના મહંત સ્વામી શાસ્ત્રી શ્રીપ્રેમસ્વરૂપદાસજીએ દેવ દર્શન વગેરેનો લાભ લેવા હાર્દીક નિમંત્રણ પાઠવ્યુ છે. આ માટે કો. પી.પી. સ્વામી, સ્વા. મુંજવીહારીદાસજી, પ્રફુલભાઈ કાપડીયા વગેરે સંતો હરિભક્તો જહેમત ઉઠાવી રહ્યા છે.

## જૂનાગઢમાં લગ્ન પ્રસંગે આવેલા મહેમાનોના ૫ મોબાઈલ ફોનની થયેલ ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢમાં લગ્ન પ્રસંગે આવેલા મહેમાનોના પાંચ મોબાઈલ ફોનની ચોરી થયાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ અંગેની મળતી વિગત અનુસાર જોષીપરામાં આવેલ આદિત્યનગર-૧માં રહેતા રમેશભાઈ છગનભાઈ મકવાણાને ત્યાં લગ્ન પ્રસંગ હોય જેથી લગ્નની તૈયારી માટે મોડી રાત્રી સુધી પરિવારજનો અને મહેમાનો બેઠા હતા અને આ પછી સુઈ ગયા હતા ત્યારે આ તકનો લાભ લઈને વહેલી સવારે ૩:૩૦ થી ૫ દરમ્યાન તસ્કરો ખુલ્લા ઘરમાં પ્રવેશ્યા હતા અને પરિવારજનો સહિત મહેમાનોના રૂપિયા ૩૫,૦૦૦ના કિંમતના પાંચ મોબાઈલ ફોન ચોરીને નાસી ગયા હતા. આ અંગેની ફરિયાદના આધારે બી ડિવિઝન પોલીસે કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

**ત્રણ માળનું મકાન વેચવાનું છે**

જૂનાગઢનાં દાણાપીઠ વિસ્તારમાં, વાદી ખડકીમાં ૭ રૂમ વાળું, સારી કન્ડીશનમાં, તદ્દન વ્યાજબી ભાવમાં મકાન વેચવાનું છે

મો. ૯૩૭૬૬ ૫૫૦૬૨
૭૯૮૪૮ ૦૫૭૯૧

## જૂનાગઢમાં ટેબલ ટેનિસ એસોસિએશન ઓફ જૂનાગઢ દ્વારા "ઓપન જૂનાગઢ ડિસ્ટ્રિક્ટ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ"નું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢ શહેર વિકાસની હરણફાળ સાથે ટુરીઝમનું હબ બની ગયું છે. ત્યારે આ શહેરમાં અને જીલ્લામાં રહેલી પ્રતિભાઓને યોગ્ય પ્લેટફોર્મ આપી અને તેઓને આગળ વધવા માટેની તક આપવા માટેના પ્રયાસોના ભાગરૂપે ટેબલ ટેનિશ જેવી રમતના રમતવીરોને માટે પણ આગવું આયોજન કરવામાં આવેલ છે. આગામી તા.૨૬ નવેમ્બરના રોજ જૂનાગઢમાં ટેબલ ટેનિસ એસોસિએશન જૂનાગઢ દ્વારા ઓપન જૂનાગઢ ડિસ્ટ્રિક્ટ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે અને ખેલાડીઓને આ ટુર્નામેન્ટમાં જોડાવવા ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર, જૂનાગઢ શહેરમાં ટેબલ ટેનિસ જેવી રમતના રમતવીરોને પ્રોત્સાહન મળે અને ઉજ્જવળ ભાવિ માટે પ્લેટફોર્મ મળે તેવા હેતુથી ચંદ્રકાંત રાધાકૃષ્ણ બેહેરવાણીની યાદમાં આગામી તા.૨૬ નવેમ્બર, ૨૦૨૩ (રવિવાર) ના રોજ સવારે ૮ કલાકે જૂનાગઢ શહેરમાં ટેબલ ટેનિસ એસોસિએશન ઓફ જૂનાગઢ દ્વારા "ઓપન જૂનાગઢ ડિસ્ટ્રિક્ટ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ"નું આયોજન થવા જઈ રહ્યું છે. જે અંતર્ગત બોયઝગર્લ્સ માટે જુદીજુદી કેટેગરી જેવી કે, અન્ડર ૧૫, અન્ડર ૧૯, ઓપન કેટેગરી, અબાઉ ૪૦, અબાઉ ૬૦ મુજબ ઈવેન્ટ યોજાશે. જેમાં ભાગ લેનાર દરેક સ્પર્ધકને આકર્ષક ભેટ આપવામાં આવશે. વધુ વિગતો જાણવા અને આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે ૯૮૨૫૨ ૩૩૩૦૩ (સંદીપ કોટેચા) અને ૯૪૨૯૨ ૭૮૬૮૯ (બ્રિજેશ જેઠવા) નો સંપર્ક કરી શકાશે. આ ઈવેન્ટમાં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકો આગામી તા.૨૦ નવેમ્બર, ૨૦૨૩ સુધીમાં પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકશે, એમ ટેબલ ટેનિસ એસોસિએશન ઓફ જૂનાગઢના પ્રમુખ મેહુલ એચ. ગલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

**દિપાવલીની હાર્દિક શુભેચ્છા...**

એક શુભેચ્છક

**ઉઁ નેચર કયોર સેન્ટર**
ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

**અધ્યતન બંગલો વેચવાનો છે**

બજાર કિંમતથી અડધી કિંમતે, મોટા મોટા પાંચ રૂમ, હોલ, કિચન વરસાદના પાણીનો ૯૦૦૦ લિટરનો ભૂગર્ભ ટાંકો, ૧૬૦ ફૂટનો બોર, રોયલ ટચ સનમાઈકા અને દશ વર્ષ ગેરંટી વાળા પ્લાયવુડ સાથેનું ફર્નિચર, ૧૦૦% પાઇનવાળા ગર્જન કંપનીના બધા જ દરવાજા, દરેક બારીમાં મચ્છર જારી, ૧૫૨ ચોરસ વારમાં ૯૦% બાંધકામ, ઉતરાભિમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર મુજબનું ફક્ત ૯ નવ વર્ષનું નવું બાંધકામ, અધ્યતન બંગલો વેચવાનો છે.

દોમડીયાવાડી પાસે, SBI સામે, ગીરીકુંજ સોસાયટી.

મો. ૭૫ ૭૫ ૮૦ ૬૫ ૮૫

**ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા**

**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

**નક્ષત્ર – જ્યોતિષ**

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.


કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




**બીના ઈલેક્ટ્રોનિક્સ**

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.